Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૯ • તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૬ થી ૦૨ ઑક્ટોબર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ

## શ્રી સંવત ૨૦૭૨ ચાતુર્માસ સ્તંભ દાતા


સંઘ જમણ દાતા હંસાબેન મણીલાલ કુવા હસ્તે ડૉ. કુરૂવા


સંઘ જમણ દાતા મણીબેન નવિનચંદ્ર મોતા હ. ઉલ્લાસભાઈ


સંઘના કાર્યકર્તા


અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર


સ્વ. અ.સૌ. વિજયાબેન હરીશ ડાઘા પરિવાર


સ્વ. અ.સૌ. તારાબેન હીરાચંદ નાગડા પરિવાર


અ.સૌ. પીંકીબેન કમલેશ ધરમશી પરિવાર


માતુશ્રી પુષ્પાબેન પાશ્વીર નાગડા પરિવાર


શા.શ્રીકાંત ચીમનલાલ ધરમશી પરિવાર


શા. અમીતભાઈ વિજયભાઈ ખોના પરિવાર


શા. મયુરભાઈ ખીમજી પીર પરિવાર


અ.સૌ. નિર્મળાબેન દામજી ગાલા પરિવાર


માતુશ્રી તારાબેન નવિનચંદ્ર છેડા પરિવાર - જયેશભાઈ


અ.સૌ. ચંદનબેન ત્રીકમજી મૈશેરી પરિવાર


માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર


અ.સૌ. ભાવનાબેન અમિત મોમાયા પરિવાર

# શ્રી સંવત ૨૦૭૨ ચાતુર્માસ સહાયક દાતા


માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના પરિવાર


માતુશ્રી મણીબેન નવિનચંદ્ર મોતા પરિવાર હ. ઉલ્લાસભાઈ


માતુશ્રી પ્રભાવંતીબેન મુરજી લોડાયા પરિવાર


શા. નવિનચંદ્ર દામજી મોતા પરિવાર હ. હેમંતભાઈ


અ.સૌ. ચંદનબેન નારાણજી ગોસર પરિવાર


શા. કિલ્લોલભાઈ પ્રમોદ મોમાયા પરિવાર


માતુશ્રી શિલાબેન માણેકજી લોડાયા પરિવાર


શા. પ્રમોદ હંસરાજ સોની પરિવાર


માતુશ્રી કાંતાબેન હીરાલાલ પટેલ પરિવાર


માતુશ્રી દેવકાબેન હંસરાજ મોતા પરિવાર હ. તિલકભાઈ


માતુશ્રી ધનબાઈ ખેતશી દોલત પરિવાર હ. શર્મિલાબેન


માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ શિયાડ પરિવાર


અ.સૌ. વિજયાબેન લહેરચંદ લોડાયા પરિવાર


માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા પરિવાર હ. રાજેન્દ્રભાઈ


મહિલા અને સ્નાત્ર મંડળ ભાંડુપ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 39/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# અનંતનાથજી ટ્રસ્ટની રહેઠાણ યોજના : સૌને શામેલ કરી પારદર્શતાથી નિર્ણય લઈને જ શ્રેષ્ઠ પરિણામ લાવી શકાશે.

તાજેતરમાં અનંતનાથજી ટ્રસ્ટે પોતાના કાર્યો, કાર્યપદ્ધતિ અને અગ્રતાની માહિતી આપતી જાહેરાત આપી છે. તેમાં આવાસ યોજના માટે આવેલ અરજીઓની વિગતો આપી ટુંકમાજ માનપાડા (ડોંબિવલી) અને માનપાડા (ડોંબિવલી)માં આ યોજના આકાર લેશે તેવી માહિતી આપવામાં આવી છે. અગાઉ તેમણે ભલારા દાદાની પહેડીમાં જાહેરમાં કહીએ કે અનંતસિધ્ધિના રીડેવલપમેન્ટનું કામ ટુંકમાં થશે, તેની યોજના પણ નાત સમક્ષ મુકવામાં આવી નથી. આ વાત સંકેત આપે છે કે હજુ પણ જ્ઞાતિ અને તેના આગેવાનો જરૂરતમંદો માટે રહેઠાણ યોજના કરવા બાબત કાળજી અને સક્રિયતા દાખવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ બાબત જે નિરાશાનું વાતાવરણ હતું તેમાં આ શુભ સંકેત છે, જો કે અનિશ્ચિતતાના વાદળો હજુ દૂર થયા નથી.

અનિશ્ચિતતાના વાદળો કરાવવાનું ત્યારેં જ શક્ય બનશે, જ્યારે તે માટે આગેવાનો અન્ય જ્ઞાતિ આગેવાનો તથા જ્ઞાતિજનોને આ બાબત તેમની વાત રજૂઆત કરવાનો તક આપવા જાહેર સભા બોલાવશે.

અનંતનાથજી ટ્રસ્ટે કાચી નિયમાવલી બનાવ્યા વીના જ આવાસ યોજના માટેના ફોર્મ મંગાવ્યા અને તેમાં આવાસ યોજના સાથે સીધી રીતે સંકળાયેલ ન હોય તેવી માહિતી પણ માંગી એટલે શક્ય છે કે ઘણા જરૂરતમંદોએ ઘરની જરૂર હોવા છતાં ફોર્મ ન ભર્યા હોય.

આ સ્થાનેથી પહેલાં પણ કહેવાઈ ગયું છે કે જ્ઞાતિજનોને કાયમી ધોરણે ઘર આપવાની યોજના કરતાં પહેલાં આ તબક્કે સૌથી વ્યવહારુ વાત અનંતછાયાના વેચાણથી આવેલા વ્યાજમાંથી ત્રણેક કરોડ જેટલી રકમ ફાળવી એકદમ અયોગ્ય વાતાવરણમાં રહેતા જ્ઞાતિજનોને સારા વિસ્તારોમાં ત્રણેક વર્ષ લીવ એન્ડ લાયસંસથી રહેવાની વ્યવસ્થા કરવાની છે. આ પદ્ધતિએ તેમને ત્રણ વર્ષ માટે લીવ લાયસંસની સગવડ કરી આપી તેમની આર્થિક સ્થિતિની સમીક્ષા કરી થયા યોગ્ય નિર્ણય લેવાથી આ પધ્ધતિને ગેરલાભ લેવાની શક્યતા પણ નહીં રહે. આ બાબત રહેઠાણ બાબતે સક્રિય આગેવાનોએ કોઈ જાહેર પ્રતિભાવ આપ્યો નથી એ તેમની આ બાબત અપૂરતી સંવેદનશીલતા બતાવે છે.

અલબત્ત, ભીવંડી, માનપાડા (ડોંબિવલી)માં અપાનારા ઘરોની શરતો શું હશે એની ચોખવટ થઈ નથી એટલે એ બાબત વધુ વાત કરવી ઉચિત નથી પણ ટ્રાન્સપોર્ટના વ્યવસાયવાળા લોકો માટે ભીવંડીમાં ઘર અપાવવાની વાત વધુ વિચારણા માંગે છે. આમ કરવાથી તે માણસ પોતાના વ્યવસાયની નજીક રહેશે, એ સમજયા પણ તેનું આખું કુટુંબ સામાજિક - ધાર્મિક રીતે વિખૂટું પડી જશે તેનું શું ? માનપાડાથી ભીવંડી જવું કાંઈ અઘરું નથી માટે જ્ઞાતિની આવાસ યોજના માત્ર માનપાડામાં જ હોય. ભીવંડીમાં કામ કરતા હોય તેમને પણ સામાજિક - ધાર્મિક વાતાવણ મળે તેવા વાતાવરણમાં માનપાડામાં વસાવવા જોઈએ. જો કે ત્રણ વર્ષ માટે લિવ એન્ડ લાયસંસ પધ્ધતિ ઘર આપવાની યોજના પ્રાયોગિક ધોરણે ભીવંડીમાં કરી શકાય.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પોતે પારદર્શક રીતે કામ કરતા હોવાની વાત કરી છે તેના સંદર્ભમાં કહેવાનું કે રહેઠાણ યોજનાની કાચી નિયમાવલિ જાહેર કર્યા વગર તમારી પારદર્શતા અથવા પારદર્શકતા વિશેની સમજ અધકચરી ગણાશે.

લોકહિતના ધ્યેયને પાર પાડવા અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ વધુ પુખ્તતા દાખવી બધા જ્ઞાતિ આગેવાનો અને જ્ઞાતિને સાથે રાખીને કામ કરવાની પધ્ધતિ વિકસાવવી રહી.

સમાપનમાં કહેવાનું કે અત્યારે તો એવો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે કે ટ્રસ્ટીઓ અનંતછાયાના વેચાણની રકમના વ્યાજમાંથી આવાસ યોજના કરવાના છે પણ જો તેમની પાસે વ્યવસ્થિત યોજના હોય અને તેજ પારદર્શકપણે નાત સમક્ષ રજૂ કરી તે માટે સમર્થન પણ ઊભું કર્યું હોય તો જરૂર પડે મુદ્દલ વાપરવામાં પણ કાંઈ વાંધો નથી. જરા પણ સંકોચ રાખ્યા વગર તેમ થવું જોઈએ.

# કચ્છ એકમે નલીયા મહાજનના સહયોગથી યોજેલ
# પર્યુષણ નિમિત્તે કચ્છ આવેલ વિવિધ ગામના આગેવાનોથી સભામાં મહત્વના મુદ્દા ચર્ચાયા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ દ્વારા કચ્છના જ્ઞાતિના સર્વે મહાજનશ્રીઓના ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ સાથે કચ્છના સ્થાનિક પ્રશ્નોની ના વિચાર વિમર્શ માટે એક સ્નેહ મિલન કમ મીટીંગનું આયોજન તા. ૦૪-૦૯-૨૦૧૬ના નલિયા મધ્યે કરેલ જેને બહુજ સારો પ્રતિસાદ મળેલ એમાં સુમેળ ભર્યા વાતાવરણમાં ચર્ચા વિચારણા થયેલ થી એમાંથી નીચે મુજબના સુચનો આવેલ.

૧. સૌથી પહેલા સ્થાનિક ઘટતી વસ્તીને ટકાવવા માટે આપણી સંસ્થાઓમાં આપણા ભાઈઓને સારા પગાર આપવા સાથે એમનું જીવન ધોરણ આજના સમય અનુસાર જળવાઈ રહે એવા પ્રયત્નો કરવા.

૨. સ્થાનિકે વસતા આપણા જ્ઞાતિ ભાઈઓ માટે મેડીકલ સહાય માટે જે તે મહાજનશ્રી ફંડ ઊભું કરી અને સંચાલન માટે કચ્છ એકમ સંસ્થાને આપે જેથી તાત્કાલિક જરૂરત સમયે ઉપયોગી થઈ શકાય.

૩. આપણી જ્ઞાતિની સ્થાનિકે જે મિલકતો છે એની જાણવાણી બહુજ જરૂરી છે અને બને ત્યાં સુધી સંસ્થાઓની નવી સ્થાવર મિલકતોમાં વધારો કરવો જોઇએ નહિ.

૪. આપણા જ્ઞાતિ જનોએ સ્થાનિક રાજકારણમાં સક્રિય ભાગ લેવો જોઈએ અને સરકારી અધિકારીઓ, રાજકીય આગેવાનો સાથે સુમેળ ભર્યા સંબંધો રાખવા જોઈએ. ઉપરાંત સ્થાનિક ડૉક્ટરો સાથે સંકલન રાખી અને જરૂરત સમયે તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થાય એ માટે સક્રિય પ્રયાસ કરવા જોઇએ.

૫. મેડીકલ અને શૈક્ષણિક સહાય માટે અનંતનાથજી દેરાસર અને મુંબઈ મહાજનશ્રીને એમના કાર્યક્ષેત્રમાં કચ્છ વિસ્તારને સામેલ કરવા એમની જનરલ મીટીંગમાં ઠરાવ મુકવા કચ્છ એકમે વિનંતી સહ રજુઆત મોકલવી.

તે ઉપરાંત કચ્છમાં ધંધા રોજગારીની તકોની માહિતી સમયે સમયે જ્ઞાતિને આપવી, મેડીકલ વીમા પોલીસી માટે જાગૃતી લાવવી, દરેક મહાજનશ્રીએ પોતાના ગામના સ્થાનિક પ્રશ્નોની જવાબદારી લઈ જ્યાં જરૂરત હોય ત્યાં કચ્છ એકમ સાથે સંકલન કરવું.

દર વર્ષે આવી એક મીટીંગનું આયોજન કચ્છ એકમ દ્વારા કરવું એવી રજુઆતો આવેલ.

શ્રી સુથરી મહાજને દેરાસરજી ના ૧૭૫મી વર્ષગાઠ નિમિત્તે દરેક દેરાસરજીને જીર્ણોધ્ધાર માટે રૂપિયા ૧૭૫૦૦૦/-ની રકમ ફાળવવાનું નક્કી કરેલ છે એવી જાહેરાત થયેલ.

આ મીટીંગમાં સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલશ્રી, તેમજ બાંડિયા, તેરા ધ્રુફી, નલિયા, જસાપર, લાલા, પરજાઉ, વારાપધર, રાપરગઢવારી, મોટી સિંધોડી, કોઠારા, સુથરી, વરાડિયા, મંજલ રેલડિયા, માંડવી, ભુજ વગેરે મહાજનશ્રીઓના હોદેદારો ટ્રસ્ટીશ્રીઓ અને કચ્છ એકમ કારોબારી ટીમ હાજર રહેલ.

કાર્યક્રમના આયોજન માટે નલિયા મહાજનશ્રીનો સહકાર મળેલ અને બપોરના સ્વામિભક્તિનો લાભ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયાએ લીધેલ.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## આદમી કે પતન કો દેખા – પ્રવીણ લોડાયા, વડોદરા

(શીર્ષક પંક્તિ કવિ પ્રદીપની છે)

સવાઈ ગુજરાતી ગણાતા સ્પેનના ખ્રિસ્તી પાદરી ફાધર વાલેસે કહ્યું છે, 'મારો ધર્મ મારો ધર્મ બને એ મારો ધર્મ છે.' અર્થાત મારો ધર્મ મારો સ્વભાવ બને એ મારી ફરજ છે. અંગ્રેજીમાં માય રિલીજન ધેટ બીકમ્સ માય નેચર ઈઝ માય ડ્યુટી.

ધર્મ એટલે ફક્ત કાયદાથી, આજ્ઞાઓથી, બહારથી આવેલું હળાણ નહીં, પણ જે સ્વાભાવિક અને નૈસર્ગિક થાય તે જ મારો ધર્મ. બહુ સાધના, તપશ્ચર્યા, ઉપવાસ વિગેરે કરીએ એના કરતાં ખરો ધર્મ હૃદયમાંથી આવેલો હોવો જોઈએ. એ રીતે અર્થ કરીએ તો ધર્મમાં આખું જીવન આવી જાય.

અત્યારે પૃથ્વી પરના કોઈ પણ માનવને કોઈ ધર્મ નથી. બધા સંપ્રદાયમાં જીવી રહ્યા છે. સૌથી પહેલાં તો ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેદ પાડવો જરૂરી છે. અત્યારે કોઈપણ ધર્મ દાવા કરી શકે નહીં – અને એ કરે તો માની શકાય નહીં. કારણ કે ધર્મ તેના મૂળ સ્વરૂપે બહુ વિશાળ અને સર્વવ્યાપી હોય છે. કોઈ એક લક્ષણ, સૂત્ર કાર્ય વિધી કે નિષેધમાં સમાઈ જાય ને તેના ભંગથી જોખમાઈ જાય એટલો નાજૂક કોઈપણ ધર્મ હોતો નવી.

એકેય ધર્મમાં સંપત્તિનું સર્જન કરવાનું કે લોકો ભૂખે મરતા–બિમારીથી પીડાતા હોય ત્યારે ભપકાદાર ધર્મસ્થાનો ઊભા કરવાનું લખ્યું છે ? અને લખ્યું હોય તો તેને ધર્મ કહેવાય ? પણ હા, ધર્મસંસ્થા ધર્મના પ્રચારપ્રસારના નામે બધું કરી શકે તેને 'ધર્મ માટે જરૂરી' પણ ગણાવી શકે.

અત્યારે તો ધર્મસ્થાનો કોર્પોરેટ ઓફિસની ગરજ સારે છે. તેમની ભવ્યતા પરથી સરેરાશ સંસારી લોકો સંબંધિત ધર્મ અથવા સંપ્રદાયની સદ્ધરતાનો અંદાજ બાંધે છે. અને સંસ્થાઓને તેનો વાંધો પણ નથી હોતો. બલ્કે, ઘણું ખરું એ જ હેતુથી ટેક્નોલોજી, નાણાં અને માનવશક્તિનો અઢળક ઉપયોગ કરીને આવા સ્થાન ઊભા કરવામાં આવે છે.

ધર્મ જ્યારે ધર્મસંસ્થાનું સ્વરૂપ ધારણ કરે, ત્યારે ધર્મની ફરજો પર માટે ભાગે સંસ્થાના તકાદા સવાર થઈ જાય છે.

જે ધર્મનો મહાન સિધ્ધાંત 'અનેકાન્તવાદ' હોય ત્યાં આટલા ફાટા હોઈ જ કેમ શકે ? ત્યાં બે તિથિનો વિવાદ થવો અશક્ય છે. એકજ ગચ્છના સંતોમાં 'તોજીમુંજી' થઈ જ ન શકે. દિવાલો ધરાશાયી કરવાને બદલે દીવાલો ઊભી થઈ ગઈ છે.

'અપરિગ્રહ'નો મહાન સિધ્ધાંત હોય ત્યાં ભવ્યાતિભવ્ય સમારોહ થવા અશક્ય છે. ચોમાસાના પ્રવેશ વખતે ભવ્ય સામૈયા જોઈને પ્રભુની આંખમાંથી બીજીવાર કરૂણાનાં બે ટીપાં પડે છે તેનાથી જ દરેક સામૈયા વખતે વરસાદ પડે છે. પહેલીવાર 'સંગમદેવ'ના ઉપસર્ગ સમયે પડ્યા હતા.




સવંત : ૨૦૭૨ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન : ૨૦૧૬

**શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮

ધર્માનુંરાગી સ્નેહી સ્વજન, તા. ૨૦-૦૯-૨૦૧૬

સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ, સુવર્ણ વર્ષીય તપ આરાધક **પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાનુંવર્તીની વિદુષી **પ.પૂ. સા. શ્રી પુષ્પાશ્રીજી મ.સા.**ના શિષ્યા, દિર્ઘ સંયમી **પ.પૂ. સા. શ્રી હંશાવલીશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩ ની પાવન નિશ્રામાં ભક્તિભાવપૂર્વક તપ-જપ-દાન-જિનવાણી શ્રવણથી સાંયરામાં પર્યુષણ પર્વની આરાધનાની ઉલ્હાસપૂર્વક ઉજવણી થઈ. સર્વે ગામવાસી ભાઈઓ ને બહેનો, નિયાણી બહેનો પરિવાર, સગા સંબંધીઓ સારી સંખ્યામાં હાજરી આપી એ બદલ દાતાશ્રી પરિવાર / સાંયરા મહાજન ધન્યતા અનુભવે છે. સમગ્ર ચાર્તુમાસના સાધર્મીક ભક્તિના દાતાશ્રી **માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવારે** હર્ષ-ઉમંગથી ઉછળતા ભાવે દરેક કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

પર્યુષણ પર્વમાં તપ - જપ - પુજન - અનુષ્ઠાન ભક્તિ ભાવપૂર્વક થઈ રહ્યા છે. અગામી પુજન આશો સુદ-૧૦, સોમવાર તા. ૧૦-૧૦-૨૦૧૬ના શ્રી પાર્શ્વપદ્માવતી પુજનમાં ધર્મપ્રેમી સાંયરાવાસી - નિયાણી બહેનોને બહોળી સંખ્યામાં પધારવા દાતાશ્રી પરિવાર/ સાંયરા મહાજન તરફથી નેહભર્યું નિમંત્રણ છે. **વિધિકાર અને સંગીતકાર :** શ્રી રાજા નંદુ સંગીતની સુરાવલીથી પુજન ભણાવશે.

પર્યુષણ પર્વમાં વિવિધ ચડાવા, સ્વપ્ન દર્શન ઉછામણીના લાભાર્થી પરિવારનો શ્રી સાંયરા મહાજન ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

૧૩૭ વર્ષ પ્રાચિન તિર્થ સમાન જિનાલયમાં બિરાજમાન શ્રી આદિનાથ પ્રભુના દર્શન તથા પૂ. ગુરૂભગવંતોને વાંદવા ચૈત્યપરીપાટી સ્વરૂપ બહોળી સંખ્યામાં દર્શનાર્થે પધારેલ સર્વ ધર્મપ્રેમી પરિવારો / મહાજન / સંઘો- દાતાશ્રી પરિવાર / સાંયરા મહાજન ખૂબ ખૂબ આભાર માને છે. ચાર્તુમાસના આસો માસની નવપદની આયંબીલનું ઓળી તા. ૭-૧૦-૨૦૧૬ શુક્રવાર થી તા. ૧૫-૧૦-૨૦૧૬ શનિવારમાં આરાધના કરવા દાતાશ્રી પરીવાર તરફથી ભાવભર્યુ આમંત્રણ છે.

ભોજનાલય કાયમી નિભાવ ફંડમાં ૬૦ નામ આવી ગયા છે. વહેલી તકે આપના નામ લખાવવા નમ્ર વિનંતી છે.

દિવાળી વેકેશનમાં શિશુ યુવાન ધાર્મીક જ્ઞાન શીબીરમાં, ધાર્મીક જ્ઞાનની વૃધ્ધી કરવા બાળકોને મોકલવા વિનંતી છે.

આ પર્યુષણ પર્વમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામી દુક્કડમ્.

**લી. ટ્રસ્ટીગણ, દાતાશ્રી પરિવાર અને ધાર્મિક સમીતી**

UPASANA - 9820167767

ભોજન સમારંભોની જાહોજલાલી જોઈને સાધ્વીશ્રી ચંદનબાળાના આંખમાંથી આંસુ ખરે છે. હું કેવી ગાંડી કે પ્રભુને મેં બાકોળા વહોરાવ્યા. એક તરફ અઠ્ઠાઈઓ અને બીજી તપસ્યા ચાલી રહી હોય છે, ત્યારે બીજી તરફ ૩૨ જાતના ભોજન પિરસાઈ રહ્યા હોય છે. આને વિધિની વક્રતા સિવાયનું કહેવાય.

તમને નથી લાગતું કે માનવીએ વર્ષોની મહેનત અને અભ્યાસ તેમજ કુરબાનીઓ પછી ઊભી કરેલી સભ્યતા અને સંસ્કૃતિ આજે બહુ ઝડપથી વિનાશ ભણી ધકેલાઈ રહી છે ?

પતનની શરૂઆત થઈ ચુકી છે. આગામી સદીમાં માણસ મંગળ પર પહોંચી ગયો હશે અને કદાચ એથી પણ આગળ નિકળી ગયો હશે, પણ જેટલો એ બીજા ગ્રહોની નજીક ગયો હશે તેટલા જ પોતાની જાતથી દૂર નીકળી ગયો હશે. શરૂઆત થઈ ચૂકી છે, અન્યથા જેના ભગવાને સંપત્તિનો ત્યાગ કર્યો હોય, તેના અનુયાયીઓ અધધધ સંપત્તિ ભેગા કરતા ના હોત.

અંતર વધતું જાય છે. ખાઈ લાંબી થતી જાય છે. મૂલ્યોનો લાંબો રસ્તો આજે માનવીએ છોડી દીધો છે અને બનાવટનો ટૂંકો રસ્તો અપનાવી લીધો છે. એક આખી સંસ્કૃતિ ધોળાવીરાની જેમ કાળના પેટાળમાં ગરકાવ થઈ રહી છે.

આજે આપણે ત્યાં ધર્મ અને રાજકારણ, ધર્મ અને વિજ્ઞાન, ધર્મ અને સમાજકારણ વગેરેની ચિત્રવિચિત્ર ભેળસેળ થઈ ગઈ છે. પરિણામે લોકો અણુવિજ્ઞાનમાં રસ લે છે અને સાથે સાથે મંત્રતંત્રનો પણ આનંદ લે છે !

ભૌતિક વિજ્ઞાન ભણાવતો શિક્ષક રોગના ઈલાજ માટે સાધુબાબા પાસે જતાં અચકાતો નથી. આપણો એક પગ અણુયુગમાં અને બીજો પગ છાણયુગમાં ! કોમ્પ્યુટરના ઉચ્ચ અભ્યાસ માટે દિકરાને અમેરિકા મોકલીએ અને એની લગ્નકુંડલી મેળવવા માટે અને પાંત્રીસ-ચાળીસ વર્ષસુધી કુંવારો રાખીએ.

સમય બહુ ઝડપથી આપણા હાથમાંથી સરકી રહ્યો છે. ધર્મને પરિણામે આપણી આર્થિક ઉન્નતિ થવાને બદલે અસમાનતા વધતી ગઈ છે.

માનવીએ પ્રાચીનકાળથી આજ સુધીમાં પ્રગતિના ક્ષેત્રે હરણફાળ ભરી છે અને એક સમયે પાંદડાઓ વડે શરીર ઢાંકતો આદિમાનવ આજે મંગળના દ્વાર ખખડાવી રહ્યો છે પણ અફસોસની વાત છે કે આટલી સિધ્ધિઓના શિખરે ઊભેલો માનવી ખુદ પોતે પોતાની જાતથી જ દૂર જઈ રહ્યો છે. મૂલ્યોનું સ્થાન ઝડપથી નીચું ઉતરી રહ્યું છે, કૃતિમતા અને દંભ આગળ આવી રહ્યા છે. એની ચિંતા ભાગ્યે જ કોઈ કરે છે.

જ્યાં સુધી માનવીની જીવનશૈલીમાં અહિંસા, અપરિગ્રહ અને અનેકાના ન પ્રવેશે ત્યાં સુધી નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝરના શબ્દોનો મર્મ નહીં સમજાય. 'રેવરન્સ ફોર લાઈફ, લાઈફ ઈન એની ફોર્મ'. જ્યાં સુધી જીવમાત્ર પ્રત્યે આદરભાવ ન પ્રગટે ત્યાં સુધી માનવજાતે આંતકવાદથી ચલાવી લેવું રહ્યું !


## શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડલ

આયોજિત **ચૈત્યપરિપાટી**

**શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળે નલિયાવાસી તથા નિયાણી બહેનો માટે એક દિવસીય ચૈત્ય પરિપાટીનું આયોજન તા. ૦૯-૧૦-૨૦૧૬ રવિવારના કરેલ છે.**

**લોધાધામ - નાકોડાધામ - દહાણુ - કોસવાડ - તલાસરી**

**ફક્ત ૨ બસનું જ આયોજન કરેલ છે માટે વહેલા તે પહેલાના ધોરણે (૧૦૦ જણ) નીચે આપેલ સમિતીના મેમ્બર પાસે રૂા. ૨૦૦ આપી નામ નોંધાવશો.**

**ચેતન નાગડા - 09820105078**
**અમિત ખોના - 09320905544**
**વંદના દંડ - 07303115999**
**પરેશ ખોના - 09820940486**

બસનું પ્રસ્થાન સવારના ૬ વાગ્યે : ૧ બસ સુવિધિનાથ દેરાસર અને ૧ બસ સમ્રાટ હોટેલ થી....



શ્રી અંબે માતાય નમઃ

## શ્રી જય અંબે ખોના પરિવાર

**મુ. પોસ્ટ, મોટી ખાવડી, જી. જામનગર.**

### આમંત્રણ

શ્રી મોટી ખાવડી-દલતુંગી સ્થિત કુળ દેવતાઓને નમતા ખોના પરિવારના જોગ

સહર્ષ જણાવવાનું કે આપણા દેવસ્થાનમાં આપણા માતાજીનો ધ્વોત અન ભુવાશ્રી ની ગંધી અજય હિંમતલાલ ખોના બદલવાનો શુભ કાર્યક્રમ તા. ૦૭-૧૧-૨૦૧૬ અને તા. ૦૮-૧૧-૨૦૧૬ના રોજ અનુક્રમે મોટી ખાવડી અને દલતુંગી મુકામે ઉજવવામાં આવશે.

ઉપરોક્ત શુભઅવસરોને ઉજવવા આપ તન-મન-ધનથી અમને યોગ્ય સાથ સહકાર જરૂરથી આપશો.

**નોંધ :** તા. ૬-૧૧-૨૦૧૬ સાંજથી તા. ૮-૧૧-૨૦૧૬ બપોર સુધી રસોડું ચાલુ રાખવામાં આવશે. આવનારા કુટુંબીજનોને વિનંતી કે તેમણે તેમના નામો કમિટી મેમ્બરોને તા. ૨૦-૧૦-૨૦૧૬ સુધી જણાવવા જેથી કરીને રહેવાની અને રસોડાની વ્યવસ્થા કરવામાં અનુકુળતા રહે.

**શ્રી જય અંબે ખોના પરિવાર**

## એક પત્ર – ચંપક જીવાણી ને....



આગમન :
તા. ૧૫-૦૬-૧૯૫૫

વિદાય :
તા. ૩૦-૯-૨૦૧૩

**પ્રિય ભાઈ ચંપક,**

તને સ્વધામ ગયા ને ત્રણ વર્ષ થવા આવ્યા તેં જ્ઞાતિના મધ્યમ વર્ગીયો માટે આપેલ ભોગને આપણી જ્ઞાતિ ક્યારેય વિસરી શકે તેમ નથી. આચાર્યદેવ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. સાથે મેરાઉ વિદ્યાપીઠમાં તારૂ બાળપણ વિત્યું ત્યારબાદ શૈશવ કાળ શેઠશ્રી નરશી નાથા બાળાશ્રમ નલિયામાં રહીને શ્રી વીરજી લધાભાઈ હાઈસ્કૂલમાં એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂરો થયો. ત્યાંથી મુંબઈમાં વી.એલ.વી.જી. હોસ્ટેલમાં રહીને તે અભ્યાસ કર્યો. તારા કવિતા પ્રેમથી મને પણ કવિતાઓ બનાવવા નો ચસ્કો જાગ્યો અને વિદ્યાર્થી સંઘની કાવ્ય સ્પર્ધાઓમાં નંબર પણ મેળવવા લાગ્યો.

સમાજના કલ્યાણ માટે આખા ભારતનું પરિભ્રમણ કરીને જયારે તું મુંબઈ આવ્યો ત્યારે આપણી વચ્ચે થયેલ ચર્ચાઓમાં તારો આશાવાદ, તારી હકારત્મકતા મારા હૃદયને સ્પર્શી ગઈ. જિંદગી ના અંત સુધી આપણા સમાજનું કલ્યાણ થશે જ... તે આશા તેં છોડી ન હતી.

હવે તારી એ આશાઓ પરિપૂર્ણ થવાના સકારાત્મક પગલા શરૂ થઈ ગયા છે ત્યારે ૧૪ જુલાઈ સમસ્ત મહાજનની મુંબઈ માની પ્રથમ મિટીંગ જગન્નાથ બેંકેટ હોલ, ભાંડુપ ખાતે મેં કરેલ બે માગણીઓની ઉપયોગીતા વિશે હવે જ્ઞાતિજનો ગંભીરતા પૂર્વક વિચારશે એવું લાગી રહ્યું છે.

**સૂચન ૧ :** દેશાવર તથા મુંબઈના જ્ઞાતિજનો એક જ જગ્યાએ ઉતરીને પોતાના પ્રસંગો પાર પાડી શકે તેવા અતિથિગૃહ સાથેના હૉલ તથા

**સૂચન ૨ :** આવાસ યોજના – જેના માટે એક કરોડથી વધારેની કિંમતવાળા બંગલામાં રહેતા જ્ઞાતિજનો પાંચ વર્ષમાં પાંચ લાખ રૂપીયા ફાળવે.

તો કંઈક અંશે જરૂરતમંદ જ્ઞાતિજનોને વ્યવસ્થિત રહેઠાણ માટે જ્ઞાતિ કંઈક કરી શકે.

આવા જ પ્રકારનું હું કંઈક બોલ્યો હતો. જે રેકોર્ડીંગ થયેલ છે.

૧૫મી ઓગસ્ટ ૨૦૧૬ના શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.. અનંતસિધ્ધિના રીડેવલપમેન્ટ સાથે.. આવી જ કંઈક યોજનાઓ વ્યવસ્થિત રીતે પાર પાડવાની ઈચ્છા શક્તિ ધરાવે છે. એવું અમને જણાવી ગયેલ છે.

શ્રી અનંત નાથ દાદા તથા આદીનાથ દાદા એમને જ્ઞાતિજનોના શુભકાર્યો કરવાની અમાપ શક્તિ આપે એવું ઈચ્છું છું.

સમસ્ત જ્ઞાતિ પણ એમના સારા કાર્યો પરિપૂર્ણ કરવા તન-મન અને ધનથી સાથ આપે એવી ઇચ્છા રાખું છું.

આપણાં અત્યાર સુધી ના જ્ઞાતિ સાથેના જીવનમાં મેં એક વસ્તુની નોંધ તો લીધી છે કે...

**દશાન્હિકા મહોત્સવ હોય... જ્ઞાતિ સંમેલન હોય...**

**છરીં પાલીત સંઘો હોય... કે.. ભદ્રેશ્વર તીર્થમાં જ્ઞાતિનું નામ જોડવાનું હોય...**

એવા સારા કાર્યોમાં ક્યાંય કોઈ અડચણ નથી આવી.

તો જ્ઞાતિજનો ના લાભાર્થે થનારા હવે ના સારા આયોજનો પણ તારા આશિર્વાદ થી પાર પડશે જ.

તારી હકારાત્મકતાને સાકાર સ્વરૂપ હવે મળશે જ.

વી.એલ.વી.જી.ના આપણા રૂમ પાર્ટનર રમેશભાઈ આર.એચ.એલ.ની યાદી સ્વીકારજે.

લી. **ફાલ્ગુન** ની સ્નેહયાદી વાંચજે.

**મિચ્છામિ દુક્કડમ્**

(ફાલ્ગુન લખમશી ખોના, ભાંડુપ - નલિયા)
મોબાઈલ : **98206 20499**

# શ્રી ક. દ. ઓ. જૈન સંઘ, પુના

ટ્રસ્ટ રજિ. નં. : ૩૦૮/૨૦૦૪/પુણે

C/o. જે. ડી. રોડલાઈન્સ, ૭૦૮/૧૮, ભવાની પેઠ, ગુરૂનાનક નગર, પુના ૪૧૧૦૪૨.





## સામુહિક ક્ષમાપના તથા સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ

શ્રી પુના સંઘ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી ખૂબ જ સુંદર રીતે પાર પડેલ. તા. ૩-૯-૨૦૧૬ના મહાવીર જન્મ કલ્યાણ (સ્વપનાજી)ની ઉજવણી તથા સ્વામીવાત્સલ્ય બાદ, તા. ૬-૯-૨૦૧૬ના સાંવત્વરીક પ્રતિક્રમણ સંઘ દ્વારા સાથે કરાયેલ તથા તા. ૧૧-૯-૨૦૧૬ના ચિંચવડ ખાતે સારી સંખ્યામાં સામુહિક ક્ષમાપના તથા સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ સુંદર રીતે પાર પડેલ.

નવકાર તથા સામુહિક ક્ષમાપના બાદ આપણા પ્રાતઃ સ્મરણીય ‘જ્ઞાતિ શિરોમણી’ શેઠશ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવવાનો ચડાવો બોલાવાયેલ જેમાં સૌથી વધારે બોલી શ્રી રાયચંદ રતનશી નાગડાએ બોલેલ, પંરતુ આદેશ અપાય એ પહેલા તેમણે તેમની આગળની બોલી બોલનારને આદેશ આપવાનો આગ્રહ કરેલ તથા પોતે બોલેલ ચડાવાની રકમ તેમના દ્વારા સાધારણ ખાતામાં નોંધાવાયેલ. પ્રમુખ શ્રીમતી હિનાબેન રતાણી તથા આદેશ લીધેલ શ્રી યતીશ હિરાચંદ છેડાની વિનંતીને માન આપી નાગડા તથા છેડા બંને પરિવારો દ્વારા શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લ્હાવો લેવાયેલ. શ્રી આર.આર.નાગડા દ્વારા એક પ્રશંસનીય અને સરાહનીય ઉદાહરણ સૌ. સમક્ષ મુકાયેલ. જે પ્રેરણાદાયી રહેલ. ત્યારબાદ તપસ્વી બહુમાનનો ચડાવો શ્રી યતીશભાઈ હિરાચંદ છેડા પરિવારે લઈ તપસ્વીઓનું બહુમાન કરવાનો ઉત્તમ લાભ લીધેલ જે અનુમોદનીય રહેલ. શ્રી દિનેશભાઈ લોડાયા તથા શ્રી વિપિનભાઈ લોડાયા (J.D. Roadlines) બંને ભાઈઓને અતિથિ વિશેષ તરીકે સન્માનિત કરાયેલ. શ્રી ખુશાલભાઈ મહેશ્વરી દ્વારા પાઘડી પહેરાવી તેમને બહુમાનિત કરાયેલ. કાર્યક્રમનું સુંદર સુત્ર સંચાલન ભાવના ખુશાલ મહેશ્વરી તથા દુષ્યંત નરેન્દ્ર લાપસિયા દ્વારા કરાયેલ. શ્રી દેવેન્દ્રભાઈ લોડાયાએ 'Organ Donation' અંગે વિશિષ્ટ માહિતી આપી સૌને ઉજાગર કરેલ. Education Forum તર્ફે શ્રી પ્રશાંતભાઈ લાલકા દ્વારા સુંદર અને આગવી શૈલીમાં શૈક્ષણિક બહુમાનનો કાર્યક્રમ સંચાલિત કરાયેલ. શ્રી શરદ કાંતિલાલ નાગડા તથા શ્રીમતી કીર્તીબેન જયંત નાગડા દ્વારા ધરમશી કમ્યુનીટી સેંટર જે પુનામાં નિર્મિત થનાર છે, તેનાપર પ્રકાશ પડાયેલ. જેમાં તીર્થંકર અનંતનાથ દાદાનું શિખરબંધ જિનાલય ઉપાશ્રય, સિનીયર સિટીઝન હોમ વિથ મેડીકલ ફેસીલીટી, હોસ્ટેલ, મહિલા ગ્રહઉદ્યોગ, અતિથિગ્રહ, અને વિશેષ એટલે સમાજનો Community Hall તથા આવાસનિવાસ યોજનાનો સમાવેશ હશે. આ સંપૂર્ણ યોજનાના શિલ્પકાર એવા બે પરિવારો એટલે માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર તથા માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા હસ્તે શ્રી દિનેશભાઈ જેઠાભાઈ લોડાયા પરિવાર (J.D. Roadlines). આ ભવ્ય યોજના માટે તેમની અનુમોદના કરવી રહી. સૌએ સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણેલ તથા વિશેષ એટલે કાર્યક્રમના સ્પોનસર્સ સર્વે દાતા પરિવારોનું ટ્રોફી દ્વારા બહુમાન કરાવાયેલ.




## શ્રી ક. દ. ઓ. જૈન સંઘ, પુના સામુહિક ક્ષમાપના તથા સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ





### –ઃ ભાગ્યશાળી દાતાઓ ઃ–

| | | |
|---|---|---|
| ૧) | સ્વામીવાત્સલ્યના મુખ્ય દાતા (રૂા. ૫૧,0000/-) | ઃ માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા પરિવાર હસ્તે શ્રી દિનેશ જેઠાભાઈ લોડાયા તથા શ્રી વિપિનભાઈ જેઠાભાઈ લોડાયા. |
| ૨) | સહાયક મુખ્ય દાતા (રૂા. ૩૧,૦૦૦/-) | ઃ શ્રીમતી ભારતીબેન હંસકુમારભાઈ ખીમજીના સ્મરણાર્થે હસ્તે શ્રી હંસકુમાર ખીમજી |
| ૩) | શૈક્ષણિક બહુમાન (રૂા. ૨૦,૦૦૦/-) | ઃ માતુશ્રી કાંતાબેન કુલીનભાઈ ખોનાના સ્મરણાર્થે હસ્તે શ્રી ચેતનભાઈ કુલીનભાઈ ખોના. |
| ૪) | સ્વપનાજી ના દિવસે ચૌવિહાર (રૂા. ૧૫,૦૦૦/-) | ઃ માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા પરિવાર હસ્તે શ્રી દિનેશભાઈ તથા વિપિનભાઈ લોડાયા પરિવાર |
| ૫) | સ્વામીવાત્સલ્ય સહાયક દાતા (રૂા. ૧૧,૦૦૦/-) | ઃ શ્રી લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર હસ્તે શ્રી ચેતનભાઈ રતાણી |
| ૬) | સ્વામીવાત્સલ્ય સહાયક દાતા (રૂા. ૧૧,૦૦૦/-) | ઃ શ્રી લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર હસ્તે શ્રી સિરાજભાઈ રતાણી |
| ૭) | સહાયક દાતા (રૂા. ૧૧,૦૦૦/-) | ઃ શ્રી પ્રવીણભાઈ ખેતશી કુરવા પરિવાર |
| ૮) | સંઘ સહાયક દાતા (રૂા. ૭,૫૦૦/-) | ઃ શ્રીમતી લીલા રાયચંદ નાગડા પરિવાર |
| ૯) | સંઘ સહાયક દાતા (રૂા. ૭,૫૦૦/-) | ઃ ડૉક્ટર દીપાલી યોગેશ શાહ |
| ૧૦) | સંઘ સહાયક દાતા (રૂા. ૭,૫૦૦/-) | ઃ શ્રી રતિલાલ કુંવરજી ધરમશી હસ્તે કલ્પેશ ધરમશી |
| ૧૧) | સાંવત્સરીક પ્રતિક્રમણ પ્રભાવના (રૂા. ૬,૦૦૦/-) | ઃ માતુશ્રી વિજયાબેન દેવજી નાગડા હસ્તે શ્રી જતીન જયંત નાગડા પરિવાર, |

શ્રીમતી ભારતીબેન હંસકુમારભાઈ ખીમજીના સ્મરણાર્થે હસ્તે શ્રી હસંકુમારભાઈ ખીમજી તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- ની રાશિ Education/ Medical Project માટે પ્રાપ્ત થયેલ છે.

શ્રી પ્રશાંતભાઈ નયન મોતા તરફથી રૂા. ૧૦,૦૦૦/-ની રાશિ શૈક્ષણિક આયોજન માટે મળેલ છે.

**સંઘ આ દાતા પરિવારોનો ખુબ ખુબ આભારી છે.**

**તા. ૨૩,૨૪,૨૫,૨૬ સપ્ટેમ્બર પુના સંઘ દ્વારા મધ્યે ગુજરાતના તીર્થોએ ચૈત્ય પરીપાટી આયોજીત કરેલ.**
**તા. ૧૬-૧૦-૧૬ના શરદ પુનમની ધમાકેદાર ઉજવણી 'લેખા ફાર્મસ ધ રિસોર્ટ'માં ઢોલ શરણાઈના સથવારે રાખેલ છે.**

**દુષ્યંત નરેન્દ્ર લાપસિયા** (મંત્રી) **ભાવના ખુશાલ મહેશ્વરી** (સહમંત્રી)


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

# પ્રતાપી પૂર્વજો

આપણી જ્ઞાતિની કોઈ અજ્ઞાણ વ્યક્તિએ લખેલ નોંધ પોથીના જે થોડા પાનાં પ્રાપ્ત થયા છે તેમાં જ્ઞાતિના પ્રસિધ્ધ પુરૂષોના જીવન પર પ્રકાશ પાડતી વિગતોમાંથી ગત અંકમાં શેઠશ્રી આણંદ માલુ લોડાયાના જીવન અંગે જાણ્યું. આ અંકમાં બે અન્ય જ્ઞાતિ રત્નોના જીવન અંગે માહિતી મેળવીએ.

બીજા નંબરે રત્ન પુરૂષ શા. ભીમસીંહ પસાઈઆ થઈ ગયા. કે જેઓ શેઠ લાલજી શામજીના સગા કાકા થતા હતા. એ શા. ભીમસી પશાઈઆ અને શા. જેવત વસાઈઆ બે બાળમિત્ર હતા. નલીયા ગામમાં શલાટનો ધંધો ઘણા વરસ સુધી સાથે કર્યો હતો. તેઓ સંવત ૧૯૧૬ યા ૧૯૧૭ની સાલે શ્રી સિધ્ધાચલજીની જાત્રા કરીને મુંબઈ આવ્યા અને પોતાના કાકાઈ ભાઈ લીલાધર લખમશી સાથે ચાલુ વેપારમાં ભાગીદાર થયા અને તેવા વખતમાં રૂઉનું વેપાર ઘણું જ ચડતે પાઈએ ચાલતો હોવાથી તેમજ પુર્વે કરેલ પુન્યના યોગે અને ખરી દાનતથી બે ત્રણ વરસમાં પાંચ પૈસાની સારી પ્રાપ્તિ થઈ તેના ઉપર સંતોષ કરી સંવત ૧૯૨૧માં પાછા સ્વદેશ ચાલ્યા ગયા અને સંતોષ કરી સ્વદેશમાં જઈ બેઠા.

એ પુરૂષે જન્મથી કોઈને ગાળ આળ નહિ રોષ એટલું જ નહિ પણ એક અક્ષર સુધ્ધાં ખોટું બોલવાનું પ્રસંગ પડેલો નહિ હોય. અહા ! કેવો મહાન પુરુષ ! એઓના જેવો કોઈ પુરુષ શું હમણાં આપણી જ્ઞાતિમાંથી મલી શકશે ? ખચીત જ નહિ ! ભર જુવાન અવસ્થામાં પંચમહાવ્રતોમાં મહા દુરજય મહાવૃત '' ચોથો વૃત'' એઆએ ધારણ કર્યો હતો. આ રત્ન પુરૂષ ક્યા વરસમાં પરલોકવાસી થયા તે મને (લેખકને) યાદ નથી. પણ અંત અવસ્થાએ પૂર્વ કર્મના યોગે અત્યંત વેદના ભોગવી તથાપિ ઔષધિ ઉપચાર કર્યો નહિ. તેમજ અયોગ્ય શબ્દ કોઈ દહાડ મેઢેથી બોલ્યા નહિં. અંતે સાધુવૃતિએ પંડિત મરણે કાલધર્મ પામ્યા.

હવે ત્રીજા નંબરે રત્ન પુરૂષ શા. જેવત વસાઈઆને હું માનું છું. એ પુરુષ પણ શા. ભીમસી પસાઈઆનાં બાળમિત્ર અને જોડીના જ છે. તથાપિ એ બન્નેના સ્વભાવ અને પ્રકૃતિમાં દિવસ અને રાત્રિ જેટલો ફરક છે પણ શ્રધ્ધામાં બહુ સરખા છે. કમનશીબે જેવતશાને એક ક્રોધ અને બીજો લોભ આ બેંઉ આત્મગુણના મહાશત્રુઓએ સંપુર્ણ રીતે વશ કરેલ છે. તેઓ પણ ક્રોધ અનુતાન બંધીઓ હોય એમ મારૂ જીવ માનતું નથી. જ્યારે ક્રોધ ચડે છે ત્યારે બોલવાની તેઓને જરાયે ભાન રહેતી નથી છતાં હલકી ગાળ ગલોચ મોઢામાંથી પડતી નથી. તેમજ ઠંડા થયા પછી કરેલ ક્રોધ માટે પસ્તાય છે અને તે જ વખતે


**પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ**



જન્મ :
તા. ૨-૫-૧૯૭૧

અરિહંત શરણ :
તા. ૨૫-૯-૨૦૧૫

**સ્વ. હિરેન હેમરાજ દંડ**

(ગામ : વરાડીયા, હાલ : મુંબઈ)

રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી...
કર્મ સદાય એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે...
જીવન એક જીવ્યા કે મૃત્યુ પણ શમાઈ ગયું....
જીવન ટૂંકું પણ શ્રેષ્ઠ જીવી ગયા...
સર્વત્ર સુવાસ ફેલાવી સૌના હૃદયમાં સમાઈ ગયા !
પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના...

**દામજી હીરજી છેડા પરિવાર** (જસાપર - અમદાવાદ)
**વાલજી હીરજી છેડા પરિવાર** (જસાપર - અમદાવાદ)
**માણેકજી હીરજી છેડા પરિવાર** (જસાપર - જલગામ)
**ગુલાબચંદ હીરજી છેડા પરિવાર** (જસાપર - સુરત)





**દેવજી ભોજરાજ શિઆલ પરિવાર - જખૌનું ગૌરવ**

**ચિ. રાજેશ અજય શિઆલ**

(ડોંબિવલી-જખૌ)

**June 2016 BE (MECH) Engineering ની પરીક્ષામાં CGPI - 7.08 મેળવી ફસ્ટ કલાસ પાસ થયા. શૈક્ષણિક કારકિર્દીને યશસ્વી બનાવી છે અને પરિવારનું ગૌરવ વધારેલ છે. તે બદલ અભિનંદન**

માતા પિતા : **અ. સૌ. રેવંતી અજય શિઆલ** (ડોંબિવલી)
દાદાણાં : **માતુશ્રી નેણબાઈ નરસી દેવજી શિઆલ** (ડોબિવલી)
નાનાણાં : **માતુશ્રી નિર્મલબાઈ નારાણજી ખોના** (બારસી-મોટીખાવડી)

**શુભેચ્છા સહ દિવ્ય આશિષ**

**શ્રીમતી દેવકાભાઈ સામજી શિઆલ** (ખામગામ)
**શ્રીમતી પ્રેમીલાબાઈ તેજપાર શિઆલ** (બારામતી)
**શ્રીમતી વેજબાઈ હિરાચંદ શિઆલ** (ડોંબિવલી)
**અ.સૌ. નિર્મલા શાંતિલાલ મુલજી શિઆલ** (સાંતાક્રુઝ)

અથવા ફરી જે વખતે તે માણસ પાછો મલે છે ત્યારે તેની સાથે પ્રીતિ સહિત વાતચીત કરે છે. આંટી અથવા અબોલ રહેતો નથી. તેથી તે અનુતાન બંધી હોય એમ હું માનતો નથી. બાકી લોભ તો અનુતાન બંધીઆ જેવું જ છે. છતાં પારકાનું વિના હકે લેવાનો મોહ રાખતા નથી. એ બે મોટા અવગુણો સિવાય બીજાં કેટલા એક શ્રાવકનાં ઉત્તમ ગુણો એઓમાં રહેલા છે. તેમજ જાણપણું તેમજ શુધ્ધ શ્રધ્ધાપણું છે પણ તેથી કાંઈ 'રત્નપુરૂષો'ની પંક્તિમાં હું એમને લેખતો નથી. એવા સદ્‌ગુણોનો બીજા ભાઈઓમાં પણ હશે. પણ આ પુરુષે ૩૦ વરસની જુવાન વયમાં પત્નિ હયાત છતાં મહા દુરજય ચોથો મહાવૃત જે ગ્રહણ કરેલ છે અને તે આજ પર્યંત અખંડ અણીશુધ્ધ સાધુની પેટે પાળે છે. તેથી જમેં રત્નપુરૂષોની ગણનામાં એઓને લીધા છે. કારણ કે પંચમહાવૃતોમાંથી કોઈબી એક જ મહાવૃતનું પાળનાર પણ રત્ન પુરૂષ કહેવાય ત્યારે જેવત શા તો સર્વવૃતોના શિરોમણી શીલવૃત પાળનાર છે તો તેઓ રત્ન પુરૂષની ઉપમાને લાયક જ છે. તેમ વળી શ્રાવકને લાયક બીજા કેટલાક ગુણો એઓમાં છે.

જૈન ગ્રંથ પ્રસિધ્ધ શ્રાવક ભીમસિંહ માણેક પણ જૈનોને ઉપકાર કરતા થઈ ગયા. જે જે ગ્રંથો અથવા પ્રકરણોના નામો સુધ્ધાં ઘણાંઓના સાંભળવામાં નહિ આવેલ હતાં તેવા ઉપયોગી ગ્રંથો એઓએ છપાવી પ્રસિધ્ધ કરેલ છે. એઓ બાળ વયથી જ ચંચળ બુધ્ધીવાળા હતા. શા. માલશી શીવજીની કું. માં સધર ભાગીદાર હતા. તેઓએ સંવત ૧૯૨૧ની સાલે શ્રી મુદ્રા નિવાસી શા. કેશવજી નામના શ્રાવકને પ્રાચીન જૈન પુસ્તકો ખરીદવા અર્થે પૂર્વે તરફ મોકલ્યા હતા. કેશવજી ગુજરાત, મારવાડ, કાશી વિગેરે દેશો ફરીને રૂા. ૧૦૦૦૦ હજારના આસરેના પુસ્તકો ખરીદી એક વરસે પાછો આવ્યો. આવી રીતે ખાસ પુસ્તકો ખરીદવાને વાસ્તે ભીમસી માણેક સિવાય બીજા કોઈએ ખરીદનાર મોકલ્યો હોય એમ સાંભળવામાં આવેલ નથી. સંવંત ૧૯૨૪માં શા. માલસી શીવજીની કું એ રૂા. ૧૨૫-૧૫૦ના ભાવમાં હજારો ખાંડી વેચાણ કરેલ હતા અને ભાવ રૂા. ૨૫૦ના (સ્થાનિકે) થઈ ગયા તેથી આસામી કાચી પડી. ત્યાર પછી સં. ૧૯૨૫માં ભીમસીએ મારા પેટામાં કુંવરજી ભીમસીના નામે વેપાર કર્યો તેમાં પણ ખોટ ગઈ અને મારા (આ નોંધ લખનારના) રૂા. ૨૫૦૦૦ એમના તરફ રહી ગયા. આ પછી એઓએ વેપાર ધંધો મુકી દીધો અને પ્રથમ મંગાવેલા પુસ્તકો છપાવવા શરૂ કર્યું. તેમાં શેઠ કેશવજી નાયકે પોતાની હંમેશની ઉદારવૃતિ અનુસાર ઉત્તમ સહાયતા અને મદદ આપવાથી એઓ એ કામમાં ફાવતા ચાલ્યા. અને દિન પ્રતિદિન સારી રીતે પેદા કરતા ચાલ્યા. સંવત ૧૯૯૮માં સ્વર્ગવાસી થયો ત્યારે આસરે રૂા. ૧૦૦૦૦૦/- (એક લાખ)ની પુંજી મુકી ગયા હતા.

એઓ સ્વભાવે અત્યંત લોભી હતા. વાંચનકળા ઘણી જ સારી હતી. જાણપણું બહુજ ઉચું હતું પણ મારી સમજ પ્રમાણે તેઓને ફક્ત દિપક સમકિત જ હતું. ધર્મ પર શ્રદ્ધા થોડી હોય એમ દેખાતું. કારણ તેઓ કોઈ તરહનું વૃત પચ્ચખાણ પાળતા નહિ. ઘરમાં હોય તો પણ રાત્રિના ૮ વાગ્યા સિવાય જમતા નહિં.

(લેખક આ વિભૂતિઓના સમકાલીન હતા અને રત્નપુરૂષોના ગુણો અને દોષોનું તાદ્દશ આલેખન કરેલ છે. તેમજ નોંધ પરથી લેખક પણ ધર્મના જાણકાર જ્ઞાની જણાય છે. જ્ઞાતિ ઈતિહાસકાર 'પાર્શ્વ'ની નોંધમાંની વાતોમાં ઘણું અક્ષરસઃ સામ્ય જણાય છે. પાર્શ્વે આ નોંધ પરથી લખાણ નોંધ્યું હોય તે શક્ય હોઈ શકે છે.)

**બીલની ચૂકવણી સમયસર કરો**

**વારંવારની વિનંતી છતાં કેટલાક લોકો બીલની ચૂકવણીની બાબતને ગંભીરતાથી લેતા નથી. એ ધ્યાનમાં લઈ નિયમ લાગુ કરવામાં આવ્યો છે કે જે સંસ્થા/વ્યક્તિ/મહાજનની જાહેરાતના બીલની ચૂકવણી બે મહીનામાં નહીં થઈ હોય તેમની આગામી જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં બીલ-બાકી તથા આગામી જાહેરાતની રકમ ભેગી ચૂકવવાની રહેશે.**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road,
Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

## કવિ રશ્મિન ખોનાના પ્રકાશ સમીક્ષા સાથેના નાતાની સુવર્ણ જયંતી



પ્રકાશ સમીક્ષામાં કવિ રશ્મીન ખોનાની કવિતાઓ છપાતી થઈ તેને ગયા મહિને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. સપ્ટેમ્બર ૧૯૬૬ થી શરૂ થયેલ પ્રકાશન યાત્રાને આ ઓગસ્ટ ૨૦૧૬માં ૫૦ વર્ષ પૂર્ણ થયા છે.

**તેઓ વારંવાર કહે છે :** ''મારા પરમ ઉપકારી પૂ. શ્રી. સનત્ શાહ ભાઈનું ઋણ ચુકવી શકું તેમ નથી. કારણ એમણે મારી કલમને વિકસવા વેગ આપીને મને પ્રેરિત કર્યોને મારું લખવાનું કાર્ય ખૂબ આગળ વધ્યું. ને મેં કવિનાના પાંચ પુસ્તકો બહાર પાડ્યાં ને મારા વિસેક જેટલા સન્માન થયા – જે એમના સંપૂર્ણ સાથના લીધે થયા છે. કારણકે એમણે મારી બધીજ કવિતા છાપીછે. તો એમનો ઉપકાર શે ભૂલાય ? અને એનો યશ સનત્ શાહ ભાઈને જાય છે.''

કવિ રશ્મિન ખોના એ (૧) ધન્ય ! દશેંજી નાત રૂપે ૫૦૦ વરસનો ઈતિહાસ કચ્છી કવિતામાં લખ્યો છે. (૨) તેમણે સુથરીના ઈતિહાસની મોટી કવિતા લખી છે. જે પ્રકાશ સમીક્ષામાં છપાઈ છે. તેમણે છંદો બેધ્ધ તથા રાગોમાં બ્હેત–સંઘર અને કાફી રૂપે કવિતાઓ લખી છે. એમની કવિતાઓમાં વિષયોની વિવિધતા પણ છે.

આ સર્જનાત્મક નાતાની સુવર્ણ જયંતિની ઉજવણીરૂપે પ્રસ્તુત છે એમના બીજા કાવ્યસંગ્રહમાં પ્રગટ થયેલ પ્રકાશ સમીક્ષામાં ૧૯૬૬માં છપાયેલ પ્રથમ કવિતા અને એક વર્તમાન કવિતા.

### કચ્છજી–સુકી–ધરા

કચ્છજી સુકી ધરા મથે, ન્યાર્યો ઊડે ધૂળ;
ઊડી ઊડી અખીયેં મેં પે, ને પેધા કરે સૂર.
ઠલા ડિસજેં તરા, ને સૂન્ની તરાજી પાર;
ખાઈ મારીંયે ખેતર, ધોમ ધોખે ધરાર.
ભુખ્યા ફીરે પ્યા સુવર; ને ભુખ્યા ભમે ભગાડ;
કંઢા - બાવર કારા, ને ભુખરા લગેં બ્યા ઝાડ.
પંખીને પરંદાતા રુંએ, ને મોર કરીંયે ચિત્તકાર;
ધુળજી ધ્રોખડ ઊડે, ને ધરતી કરે પોકાર.
વરસાદજી વાટ ન્યારી, ને ખેડુ વેઠા અંઈ બેકાર;
'વસ' વસે ત મીડે આય, નેકાં ત આય હુકાર.
ભુખ સૈયેં હુખ સૈયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીડે હેમંથવારા, તડે પુજેતાં પિંઢજે પંધ.

### કચ્છજી ખમતીધર ધીંગી ધરા...

ખમતીધર ખમીરેંજી હી સોણી ધરા સદ્ધર ખમીરવંતી
અરે હિન કચ્છડેજી કંચાતો ગાલ, જરા જભ્ભર જશવંતી
સચો સન્યાસી ચે દે ઉસકાભી ભલા ન દે ઉસ્કાભી ભલા
તીંય કચ્છડો ચે મેઘરાજાકે અચોત વલ્લા નેકાં નડીબો ખલ્લા
વસુંધરા પાંજે વતનજી જેંજી હેળી કેતરી ઉંચી અમીરાઈ
ધુખ્ખે ધરણીને શક્તિ પ્રગટે, મુડસેંમેં સિંચે મુડસાઈ
વર્ષારાણી નમિલે તોજો પાણી, ત ચાંતો અસાંજી ધીંગી કહાણી
સુખ્ખમેં ત મિળે ખિલ્લેં, હિતે ડુખ્ખમેં ખિલ્લેં કચ્છી ભેરી કચ્છીંયાણી
ધીંગી ધરાજા અસીં રાંધીકડાં, આકાશમેં નેરીયું સજો ચોમાસો
માલિકસેં મિઠ્યું ગાલીયું કંયું, ન વર્ષાત ત કડેં નડીંયું ડોભાસો
વડા અસાંજા એળા જીગર જેળા વખત અચેં ઈ મથો સઉં
માં ભોમકાકે ધિલસેં ચૂમી ચાહ્યું અસાંજે જીવ સંઉ
નેણેજા મીં વર્ષાઈ હિતે મિળે ધિલસેં રાજી રેતાંઅધ્ધા
'રશ્મિન્' ચેં સુકાળ વે-ક-ડુકાળ તય ધુનિયાસેં ઈ - ન - થીંધા જુધ્ધા.



**ઉજવું પ્રકાશને સથવારે સાર્થક સર્જનની સુવર્ણ જયંતિ**
**સનત શાહને પ્રકાશ સમીક્ષા પરિવાર સાથેની દીર્ઘ મૈત્રી**
**પ્રકાશની પ્રેરણામાં મારી સાહિત્ય યાત્રાની અતથી ઈતિ.**

રશ્મિન ખોના (**રતિલાલ શિવજી ખોના**), તેરા – ઘાટકોપર

## લગ્ન સંબંધી

મુંબઈ વડાલા સ્થિત ઉમર વર્ષ ૨૮ (નોન સ્મોકર, નોન ડ્રીંકર) નિદોષ છુટા છેડા થયેલ (યોગ્ય પુરાવા આપવામાં આવશે.) સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર M.B.A. યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય છે. ફોટા તથા વિગત સાથે સંપર્ક : **gbmarraige@gmail.com**


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિએ તોજતરમાં ''કેડીઓવીપી.કોમ'' (kdovp.com) નામે ઈન્ફરમેશન ટેકનોલોજી વિભાગની રચના કરી છે. આ વિભાગમાં ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરીને જ્ઞાતિજનોની માહિતી (Data) ને અદ્યતન બનાવવાનું કામ ચાલુ થયું છે.

બધા જ્ઞાતિજનોને લેપટોપ, ડેસ્કટોપ કેસ્માર્ટ ફોને બ્રાઊઝર દ્વારા ("request desktop site" પસંદ કરી) ક.દ.ઓ. વસતિપત્રકની વેબસાઈટ www.kdovp.com પર નામ નોંધાવવા તથા લૉગ ઈન કરવું તેમજ પોતાની તથા પોતાના કુટુંબના સભ્યોની માહિતીની તપાસ કરી ચોક્કસાઈ કરવા વિનંતી કરવામાં આવે છે.

ફેરફાર કરવા માટે (જો કોઈ હોય તો) જ્ઞાતિજનોને "Change request" ના વિકલ્પ (ઓપ્શન) પર ક્લીક કરી યોગ્ય પ્રકાર (Category)/વર્ગીકરણ (Classification) અનુસાર ફેરફારની જાણ કરવા અનુરોધ છે. મહેરબાની કરીને ખાસ ધ્યાન રાખો કે પુસ્તકાકારમાં વસતિપત્રક પ્રકાશન માટે આ બહુજ પ્રસ્તુત હોય તેવી માહિતીને સૌથી પહેલાં પ્રોસેસ કરવામાં આવશે. અન્ય ઓછી અગ્રતાવાળા ફેરફારોના વિનંતિ પાછળથી સમય મળે હાથ ધરાવામાં આવશે.

વધુમાં ઘણા જ્ઞાતિજનો કદાચ ઓનલાઈન સેવાઓના ઉપયોગથી ટેવાયેલા નહીં હોય તેથી વસતિપત્રકની માહિતી સુરક્ષિત રીતે અદ્યતન બનાવવાના કામ માટે આપણને આખાય વિશ્વના પૂર્ણપણે જ્યાં જ્ઞાતિ વસવાટ છે ત્યાં સ્વયં સેવકોની જરૂર પડશે.

અમે જ્ઞાતિજનોના વંશવૃક્ષના આંબા તૈયાર કરવા તેમજ જ્ઞાતિજનો વિશે આપણી સમુદાયના વિકાસ માટે કામ આવી શકે તેવો સુદઢ માહિતી ભંડાર ઊભો કરવા દરેકદરેક જ્ઞાતિજનોનો સહકાર તથા શુભેચ્છા ચાહીએ છીએ.

આપને ઉપયોગી થવા માટે મહેરબાની કરી અમને સહયોગ આપો.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિનો ઈન્ફરમેશન ટેકનોલોજી વિભાગ

| | |
|---|---|
| ક.દ.ઓ. વસતિપત્રકની વેબસાઈટ ● KDO VP Website | : www.kdovp.com |
| ઈમેલ આઈડી ● Email ID | : kdovasti@gmail.com |
| વોટસઅપ નંબર ●WhatsApp No. | : +91 91677 33603 |
| મદદ ફાઈલ ● Help File (નોંધણી, લોગીન અને ઈમેલ આઈડી બદલાવવા) | : https://goo.gl/YkYiiz (for Registration – Login – Change of Email ID) |
| એનરોઈડ એપ્લીકેશન લીંક ● Android Application Link | : https://goo.gl/wnSV5I |
| આઈટ્યુન એપ્લીકેશન લીંક ● ITune Application Link | : https://goo.gl/b8LusQ |
| ફેસબુક પેજ ● Facebook Page | : https://www.facebook.com/KDOVastiPatrak |
| ટવીટર આઈડી ● Twitter ID | : https://twitter.com/kdovp |

**સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો : સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


ટૂંક માંજ નવરાત્રી એટલે કે શક્તિ આરાધનાનું પર્વ આવશે. ક.દ.ઓ. જ્ઞાતિ અચલગચ્છની પરંપરામાં માને છે અને અચલગચ્છ અધિષ્ઠાયિકા પૂજ્ય મહાકાલી દેવીને પોતાની ખાસ આરાધ્ય દેવી માને છે. નવરાત્રી નિમિત્તે મહાકાલી માંને કોટી કોટી વંદન...

– ચીમન મોતા *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

## તપસ્વીઓની યાદી

**સાંધવ**

૩૧ ઉપવાસ
નવીનચંદ્ર ઠાકરશી મૈશેરી – નાની સિંધોડી, અંકલેશ્વર
હીરાચંદ કુંવરજી કુરૂવા – ગોધરા, મસ્જિદ બંદર
રેખાબેન દિલીપ કુંવરજી લોડાયા – સાંધવ, સાંધવ
વિમલા રતનશી – માંડવી આશ્રમ

**૧૬ ઉપવાસ**
મીનાબેન મુકેશ ખીમજી દંડ – સાંધવ, વાપી
પૂર્ણિમા કમલેશ દંડ – સાંધવ, પાંચોરા
હિરલ રોકી લોડાયા – સાંધવ, ડોમ્બિવલી
અલ્પા ચેતન લોડાયા – સાંધવ, મુલુન્ડ
અનિતા જેઠાલાલ દંડ – સાંધવ
રાજેશ લક્ષ્મીચંદ મૈશેરી – મોટી સિંધોડી, ડોમ્બિવલી

**૧૧ ઉપવાસ**
હિરાવંતી હરીશ કાંતીચંદ ખોના – સાંધવ, ચેમ્બુર
મીનાબેન દિનેશ લાપસીયા – દલતુંગી, ડોમ્બિવલી
કાશ્મીરા ચીમનલાલ ધરમશી – સુથરી, ડોમ્બિવલી

**૯ ઉપવાસ**
આશાબેન રમેશ લોડાયા – મોટી ખાવડી, ડોમ્બિવલી
નયના સોમચંદ ખોના – તેરા, ઘાટકોપર (ચૌસઠ પુરી પૌષધ)
હિના દિનેશ મૈશેરી – મોટી સિંધોડી, અમદાવાદ
કાજલ જીતેન્દ્ર ખોના – તેરા, ઘાટકોપર

**૮ ઉપવાસ**
આર્ય ભાવેશ નાગડા – નલિયા, ગોરેગાંવ
જયેશ ભાગચંદ જૈન – કોઠારા, મુલુંડ (૮ વર્ષ)
મુકેશ ખીમજી દંડ – સાંધવ, વાપી
ગુલાબ નારાણજી માલશી લોડાયા – સાંધવ, ભિવંડી
નિલેશ દામજી નરશી દંડ – સાંધવ, મુલુંડ
નારાણજી દેવશી નાગડા, તેરા, ડોમ્બિવલી
દિનેશ લખમશી મૈશેરી – મોટી સિંધોડી, અમદાવાદ
અમિત લક્ષ્મીચંદ લોડાયા – નલિયા, ડોમ્બિવલી
તિલેશ ગુલાબચંદ નાગડા – જખૌ, પારોલા
સુરેશ ગોવિંદજી મોતા – ધ્રુફી, ડોમ્બિવલી (ચૌવિહાર અઠ્ઠાઈ)
કેવલ જયેશ લાલકા – વારાપધ્ધર, ડોમ્બિવલી
જ્યોત્સના દામજી નરશી દંડ – સાંધવ, મુલુંડ
દમયંતી પ્રફુલ દંડ – સાંધવ, ગોરેગાંવ
નીલમબેન નવીનચંદ્ર લોડાયા – સાંધવ, મુલુંડ
જયશ્રી ઝવેરચંદ ખોના – સાંધવ, ડોમ્બિવલી
નયના વીરચંદ ખોના – સાંધવ, ડોમ્બિવલી
મિત્તલ મધુકર લોડાયા – સાંધવ, ભાંડુપ
દર્શન ચેતન લોડાયા – સાંધવ, મુલુંડ
ઉષાબેન નાગકુમાર લોડાયા – સાંધવ, લોકાપુર
વર્ષા ગુલાબ સોની – વાંકુ, ભાગલકોટ (વર્ષી તપ સાથે)
રેખાબેન રમેશ નાગડા – રાપરગઢ, ડોમ્બિવલી
દમયંતી દિલીપ ગાલા – મંજલ, ડોમ્બિવલી
જાગૃતિ અભય મૈશેરી – મોટી સિંધોડી, ડોમ્બિવલી
વર્ષા ખીમજી દંડ – મંજલ, ડોમ્બિવલી
કલ્પના પ્રતાપ ધરમશી – સાંધાણ, ડોમ્બિવલી
રમીલા મોહનલાલ સોની – નલિયા, ભાંડુપ (વર્ષીતપ સાથે)
દીનાબેન ચીમનલાલ સોની – સુથરી, કાંજુરમાર્ગ
લતાબેન જીતેન્દ્ર માલદે – દલતુંગી, ડોમ્બિવલી
નિકિતા નીતિન ધરમશી – સાંધાણ, ડોમ્બિવલી
રેખાદેવી ખુશાલ પોલડિયા – બાયઠ, પાંચોરા (વર્ષીતપ સાથે)
નયના ગૌતમ લોડાયા – રવા, ભાંડુપ
ભાવિક જીગર લાલજી લોડાયા – સુથરી, ડોમ્બિવલી
ઉર્મિલા ઝવેરચંદ ધરમશી – લાલા, મુલુંડ
સુશીલા તિલકચંદ રાયચંદ લોડાયા – કોઠારા, મુલુંડ
રીટા ભરત મોતા – કુવાપધ્ધર, કલવા

તેમજ ભક્તામર તપ, સમોસરણ તપ, તેમજ ૨૫, જણ અઠ્ઠમ તપ, ૧૫ જણ છટ્ઠ તપ, ૨૫ જણ વર્ષીતપ, પાંચમના દિવસે ૨૦૦ જણે એક દિવસના ઉપવાસ કરેલ, ૪૫ એકાસણા વાળા ૨૫ જણ, ૮ એકાસણા વાળા ૫૦ જણ, ૧૦ જણ આયંબિલ તપ.

**જલગામ**

| | | |
|---|---|---|
| જયેશ શાંતીલાલ લોડાયા | ૩૬ ઉપવાસ | સાંયરા |
| અજય રતનશી સોની | ૧૦ ઉપવાસ | સાંયરા |
| પુનમબેન પિયુષ દંડ | ૮ ઉપવાસ | સુથરી |
| વિરતી સુનીલ ખોના | ૮ ઉપવાસ | વાંકુ |
| જયણા ધનેશ ખોના | ૮ ઉપવાસ | વાંકુ |
| ઉર્વિકા અશોક નાગડા | ૮ ઉપવાસ | જખૌ |
| ચેતનાબેન હિતેષ મોમાયા | ૮ ઉપવાસ | જખૌ |
| ખુશબુ પંકજ મોમાયા | ૮ ઉપવાસ | બારોઈ |
| યોગેન્દ્ર ભવાનજી ગોસર | ૮ ઉપવાસ | બારોઈ |
| શિલ્પા કલ્પેશ છેડા | ૮ ઉપવાસ | જસાપુર |
| દમયંતીબેન યોગેન્દ્ર ગોસર | ૮ ઉપવાસ | બારોઈ |
| ઉર્વી હિતેશ મોમાયા | ૬ ઉપવાસ | જખૌ |

## જલગામ વર્ષીતપ

| | |
|---|---|
| યોગેન્દ્ર ભવાનજી ગોસર | બારોઈ |
| દમયંતીબેન યોગેન્દ્ર ગોસર | બારોઈ |
| જયેશ શાંતીલાલ લોડાયા | સાંયરા |
| દક્ષા જયેશ લોડાયા | સાંયરા |
| ભારતીબેન ભરત લોડાયા | બારોઈ |
| વાસંતીબેન શૈલેન્દ્ર નાગડા | જખૌ |
| ધર્મેશ શાંતીલાલ ગોસર | બારોઈ |
| ચંદ્રેશ હેમંત મોમાયા | નાગેરચા |
| દક્ષાબેન રાજેશ મોમાયા | બારોઈ |

## કોઈમ્બતુર

શ્રી વીશિત લીતિન લોડાયા – ૧૧ ઉપવાસ
શ્રી ધૈર્ય ભાવેશ લોડાયા – ૯ ઉપવાસ
શ્રીમતી કિન્નરી ભાવેશ લોડાયા – અઠ્ઠાઈ
શ્રીમતી મધુબેન દિપક દેસાઈ – અઠ્ઠાઈ
શ્રીમતી તારાબેન ચંપકલાલ શાહ –
સંકર ચૂરત વાંછિત પૂરણ તપ
**સાંગલી :** તન્વી વિજય ખોના – કોઠારા
પ્રતીક વિજય ખોના – કોઠારા

## રક્ષાબંધન

ક્યાં ખોવાઈ ગયો એ રક્ષાબંધનનો ત્યોહાર,
જ્યાં પનપતો હતો ભાઈબહેનનો સાચો પ્યાર
પહેલા પ્રેમનાં તાંતણે બાંધેલી
સાડીના પાલવની રાખડીની કિંમત ન શકાય
આંકી,
હવે બજારમાં મળતી ૧૦૦-૧૦૦૦ની રાખડી
લાગે છે સાવ ઝાંખી,
પહેલા રક્ષાબંધન તહેવાર ભાઈબહેનના
અતૂટ પ્રેમ પુરતો હતો સિમીત
હવે તો ગિફ્ટ અને મિજબાની બની ગઈ છે એક
નિમિત્ત
મને શું મળ્યું, તને શું મળ્યું, થઈ આપણી કેટલી
કમાણી
આજે ભાઈબહેનના પ્રેમની કિંમત છે આંકાણી
યાદ કરે છે ભાઈબહેન એકબીજાને ખાલી
રક્ષાબંધને
ભુસાંઈ ગઈ છે એ લાગણી એ ભાવના સમયના
અંતરે
ચાલો કરીએ સંકલ્પ, હર દિવસને રક્ષાબંધન
બનાવીશું,

## અનુમોદનીય અનન્ય અનુકંપા દાન




શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘનો સુરજ સોળ કળાએ ઝંગમગી રહ્યા છે. શ્રી સંભવનાથ દાદાની છત્રછાયામાં ૨૨૫ વરસી તપના તપસ્વીઓ શાંતાપૂર્વક તપસ્યામાં અગ્રેસર થઈ રહ્યા છે. ત્યારે ગચ્છાધિપતિના આશીર્વાદથી પ.પૂ. પન્યાસ શ્રી કપિન્દ્ર મ.સા. આદિ ઠાણાનું ચાર્તુમાસ પ્રાપ્ત થયું છે. આપણી જ્ઞાતિમાં નિષ્ઠાવાન ધર્મપ્રેમી શ્રી અશોક દંડ (વરાડીયા) તથા શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી (સુપુત્રી) ટ્રસ્ટી તરીકે તેમજ અન્ય કાર્યક્રમોને સાથ સહકાર પ્રાપ્ત થયા છે.

ધર્મ આરાધના સાથે સાધર્મિક સહાયના ઉચ્ચ આદર્શની અભૂતપૂર્વ આરાધના થઈ રહી છે. માંદગી, વૃદ્ધાવસ્થામાં ઢીંચણ પગની સમસ્યાને ભીષણ ભરડો લીધો છે. તે લક્ષ્યમાં લઈ અંશતઃ સહાયભૂત થવાના ઈરાદે ચાલવા કરવામાં અનુકૂળ થઈ રહે તેવી બહુ ભારે પણ નહિ પરંતુ અતિ ટકાઉ એવી હાથ લાકડીઓનું વિતરણ કરવા આંટીઘુટીવાળા અરજી પત્રક ભરવાની પળોજણમાંથી છૂટકારો આપી વિના મૂલ્યે આપવામાં આવે છે. અતિ જરૂરિયાત વસ્તુના વિતરણને વિશાળ, પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

અનુમોદનીય અનન્ય અનુકંપા દાન શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘની કલગીમાં સુંદર મજાનું પીછું ઉમેરે છે.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

## બંધુ બેલડીઓની બોલબાલા

જ્ઞાતિ સમાજ અને ગામની સેવામાં સુવાસ ફેલાવનારી બંધુ બેલડીઓની યાદ તરોતાજા કરી ધન્ય થઈ જવાય છે.

૧) વારાપધર : શ્રી ચીમન મોતા, શ્રી ચેતન મોતા
૨) બાએઠ : શ્રી ઠાકરશી મેઘજી ગોસર,
શ્રી હેમરાજ મેઘજી ગોસર
૩) વરાડીયા : શ્રી નીરંજન કેશવજી મોમાયા,
શ્રી નલિન કેશવજી મોમાયા
૪) કોઠારા : (૧) સ્વ. શ્રી રાયચંદ ઉમરશી છેડા,
સ્વ. શ્રી હીરજી નરશી પટેલ
(૨) શ્રી ચંદ્રકાંત કુંવરજી લોડાયા,
શ્રી ખીરણ કુંવરજી લોડાયા
(૩) સ્વ. શ્રી ભાણજી દેવશી પાવડા,
સ્વ. શ્રી માણેકજી દેવશી પાવડા
૫) મોટી ખાવડી : સ્વ. શ્રી ઝવેરચંદ નાગશી દેપાણી,
સ્વ. શ્રી સુર્યકાંત નાગશી દેપાણી

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

# કાંતા : જે ક્યારેય હારશે નહીં

- ગીતા જૈન

**(શંખધ્વનિ : જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ, બની રહો તે જ સમાધિયોગ - ઉમાશંકર જોશી)**

છેલ્લાં ચૌદેક વર્ષથી નિયમિત સમયાંતરે ટપાલની થોકડીમાં સુંદર હસ્તાક્ષરે લખાયેલો હિમાચલ પ્રદેશથી આવેલો પત્ર હોય જ! અને મન એને સૌ પ્રથમ વાંચવા ઉત્સુક થઈ જાય. એ પત્ર હોય, ક્યારેય જેને જોઈ નથી એ કાંતા શર્માનો!!



કાંતા શર્માનું નામ લેતા જ, જે આકૃતિ ઉભરે છે તે ચોંકાવી દે તેવી છે. છેલ્લાં ત્રેવીસ વર્ષોથી પલંગ પર સૂતાં સૂતાં જીવન જીવવાવાળી આ જીવંત ઉત્સાહી ધૈર્યવાન મહિલાનો જન્મ ત્યારે થયો, જ્યારે ભારતની પ્રજા સ્વતંત્રતાની બીજી વર્ષગાંઠ મનાવી રહી હતી એટલે કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૯ એ. ત્યારે કાંતા હિમાચલ પ્રદેશના ગામ શિકોહ-શોધીના નિવાસી શ્રી દેવીશરણ શર્માના ઘરે જન્મી.

કાંતાએ હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીમાંથી ૧૯૭૨માં હિંદીમાં એમ.એ. અને હિંદુ કોલેજ દિલ્હીથી સંસ્કૃતમાં એમ.એ. કરી, એમ.ફીલ. ૧૯૭૬માં હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીથી સન્માનપુર્વક ઉત્તીર્ણ કર્યું. પીએચ.ડી. માટે રજીસ્ટ્રેશન કરાવેલ હતું, ત્યારે અસાધ્ય રોગે ઘેરો ઘાલ્યો. બંને કિડનીમાં પથરી થઈ જવાથી પૂરો વિશ્રામ કરવો પડ્યો. એની સાથે ક્રમે ક્રમે અન્ય બિમારીઓએ પણ ભરડામાં લીધી. કરોડરજ્જુની ઊભી થયેલી તકલીફોથી પગ જાણે નિર્જીવ થઈને પડી રહ્યા. શરીરનું થોડું હલનચલન પણ કરવામાં આવે તો ઉલટીઓનો હુમલો શરૂ થઈ જાય, બેસવું તો અસંભવ. બસ ફક્ત સૂતા જ પડી રહેવાનું. પથારી પર પડ્યું છે માત્ર હાડકાનું માળખું.

પલંગ પર ત્રેવીસ વર્ષથી પડ્યા પડ્યા આ વિદુષી મહિલાએ પોતાના જીવનને દોજખ નથી બનવા દીધું પણ સ્વયંનું સાહિત્ય સાથે જોડાણ કર્યું છે. ૧૯૮૨માં કાંતા શર્માનો કાવ્યસંગ્રહ ''શબ્દો કે જાલ મેં'' પ્રગટ થયો. એમણે 'ઉર્વશી કા કાવ્ય શિલ્પ' (શોધ રચના) અને 'દિનકર કા કાવ્ય શિલ્પ' (અનુસંધાન યોજના)ને પોતાના કોલેજકાળમાં અધ્યયનરત વખતે પૂર્ણ કર્યા હતા.

આજે આ યુગમાં જ્યારે સામાન્ય નારીની જે સ્થિતિ છે, એને નકારી શકાય એમ નથી. એવામાં અસાધ્ય રોગગ્રસ્ત, આ જીવંત મહિલાનું માત્ર પથારી પર કેદ, આ જીવન કેટલું પીડાદાયક, નીરસ, બેજાન, જાનલેવા હોઈ શકતું હતું? કલ્પના માત્રથી મન ગભરાઈ જાય છે. કેવી રીતે વિતાવી રહી હશે એ બિસ્તર પર પડ્યા પડ્યા એ બોઝિલ ક્ષણોના ગુણાકારને? કલ્પના કરો, જેણે વર્ષોથી ખુલ્લું આકાશ નથી જોયું, ઉડતા પક્ષીઓની હાર નથી જોઈ, લહેરાતા ખેતરોને નથી જોયા, રંગબેરંગી ફૂલોથી મહેકતા ઉદ્યાનની ખુશ્બુ નથી માણી, સ્થાપત્યો, મ્યુઝીયમો, સભાગૃહો, થિયેટરોનો આનંદ નથી લીધો, હિમાલયના બરફાચ્છાદિત પહાડોની આભા નથી જોઈ, ડૂબતા ચંદ્રની શીતળતાને પોતાની આંખોમાં નથી ભરી, ચઢતા સૂર્યની લાલિમાને હૃદયમાં નથી ઉતારી, જેના ગોરા ગોરા પગોએ આ ત્રેવીસ વર્ષોમાં હિમાલયના ઝાકળથી નહાયેલ નરમ નરમ ઘાસને પણ પંપાળ્યું નથી...

દર વર્ષે હિમાલયના પ્રવાસ વખતે એમને મળવાની અદમ્ય ઈચ્છા પૂરી થઈ શકતી નહોતી. આ

*આંખ મીંચતાં જ નીલ નીલ આસમાન ખૂલે,*
*પોપચાંની પાર રંગ રંગની કમાન ખૂલે!*

વર્ષે મુંબઈથી મક્કમ નિર્ધાર સાથે નીકળ્યા હતા કે 'જૂનગા' જવું જ!

સિમલાથી ૨૬ કિ.મી.ના અંતરે ખીણમાં આવેલા આ નાના ગામે પહોંચતા વરસાદે અમારું સ્વાગત કર્યું. એમના ઘર સુધી તો વાહન જઈ શકે એમ ન હતું. નાના ગામની નાની બજાર! લોકો એકઠા થઈ ગયા - સૌ સમજી ગયા અમે કાંતાજીને મળવા આવ્યા છીએ! ઉત્સાહભેર એમના ઘરે પહોંચ્યા. પહાડોમાં જરા જેટલી પણ સપાટ જગ્યા હોય એટલે ખેતર સ્વરૂપે જ હોય. પગથિયા ખેતી અને વચ્ચે વચ્ચે ઘર!

એવા ખેતરમાં આવેલ એમના ઘરે જતાં જ એક બહેને સ્વાગત કર્યું. વચ્ચે ખેતર અને આમને-સામને બે ઘર. પછીતે પણ વાડી. મન મોહી લે તેવા ગુલાબના ફૂલોથી લચેલા છોડ. વિધવિધ ફળના, અખરોટ, બદામ, એલચીના છોડ, વૃક્ષો અને ખેતરમાં નાની નાની કુંપળો લહેરાતી હતી.

રૂમમાં દાખલ થતાં જ વર્ષોથી મનમાં કલ્પના ચિત્રમાં આલેખેલી સ્ત્રીને પલંગ પર વાળેલા ગોઠણ પર ચાદર ઓઢેલી, માથે સ્કાર્ફ બાંધેલી જોઈ, હા તે જ કાંતા શર્મા!! એના મોંઢામાંથી આવકારના મીઠાસની ઘંટડી રણકી.

અમારે એના પ્રેમસભર આગ્રહને વશ થઈ એમની સાથે બે દિવસ રોકાવું જ પડ્યું. સતત ફોનના ઉપયોગે એમણે અમારે માટે કેટલી બધી ગોઠવણ કરી દીધી. બીજે દિવસે સિમલા ફરવા માટે એમની સિમલા રહેતી ભત્રીજી સાથે ગોઠવણ કરી આપી. આખો દિવસ સિમલા ફરીને રાત્રે જૂનગા પરત આવ્યા ત્યારે કાંતાજીના સુમધુર કંઠેથી એમની સ્વરચિત હૃદયસ્પર્શી રચનાઓની મહેફીલે અમારો સઘળો થાક ઉતારી દીધો. માત્ર પલંગ પર પડ્યા પડ્યા પણ એમનો જીવંત ઉત્સાહ છલકાતો જોઈ અમારો ક્ષોભ/સંકોચ ખંખેરાઈ ગયો અને એ ગામ, એ ઘર પોતિકાં બની ગયાં.

પૂછતાં તેઓ જણાવે છે. ''જ્યારથી આ નવા ઘરમાં આવ્યા છીએ ત્યારથી મને થોડી રાહત છે.'' આ નવું ઘર થોડા સમય પહેલાં જ બનાવવામાં આવ્યું છે, જેમાં કાંતાના રૂમને વિશેષ રૂપથી એમની સુવિધાઓનો ખ્યાલ રાખીને બનાવવામાં આવેલ છે. એમને ત્રણ ભાઈ અને બે બહેનો છે. હાલમાં ભાઈઓ વ્યવસાય અર્થે જૂનગાથી બહાર રહે છે અને બેનો સાસરે છે છતાં સદૈવ એમની ઈચ્છાઓનું ધ્યાન રાખે છે. આ ઈચ્છાઓને સાકાર કરવા માટે જ એમના પલંગની સાથે જ જોડાયેલો બુકશેલ્ફ છે. જેમાં મનપસંદ પુસ્તકો, સામાયિકો, દવાઓ પડી રહે છે. જેથી તે આવશ્યકતાનુસાર માત્ર હાથ લંબાવીને જોઈતી વસ્તુ લઈ શકે છે. હવે તો રીડીંગ લેમ્પની બાજુમાં ટેલીફોન પણ ગોઠવવામાં આવ્યો છે. જેના માધ્યમે એ મૈત્રીસંવાદ રચી લે છે. રીમોટ કંટ્રોલની સહાયથી દૂરદર્શન દ્વારા વિશ્વ આખાને પોતાની નજરોમાં સમાવવા પ્રયત્ન કરે છે. સંગીતની શોખીન કાંતા કેસેટની સાથે પોતે પણ ગાવાનો આનંદ લે છે. રૂમમાં બે બાજુ ખાસ બનાવવામાં આવેલી બારીમાંથી એ આકાશમાં ઉડતા પંખીને, રંગીન મનગમતા ફૂલોને અને ખેતરને નિરખી શકે છે. ''આ બધા કાર્યો મારે સૂતાં-સૂતાં કરવા પડે છે.'' એ ખૂબ જ મધુરભાષી છે. એ એકધારૂં બોલ્યા કરે ત્યારે લાગે કે મીઠું-મધુરું ખળખળ ઝરણું વહી રહ્યું છે.

ત્યાં તો એઓ પત્રોના ઢગલા બતાવે છે. એમના ચહેરા પર પ્રસન્નતા સભર હાસ્ય વેરાયા કરે છે. ''આ બધા જ મારા જીવનમાં રસ ભરે છે. ઢગલાબંધ શુભચિંતકો છે મારા. અમુક મારી રચનાઓ વાંચી મારાથી જોડાયા છે. અમુક મારા રોગી જીવન વિષે છપાયેલું વાંચીને જોડાયા છે. દૂરદર્શન પર 'પરખ' કાર્યક્રમની ટીમે મારી સાથેના સાક્ષાત્કારને પ્રસારિત કરી મને અનેક હિતેષીઓ મેળવી આપ્યા છે. બધા સાથે પત્રાત્મક ઘનિષ્ટતા છે. આ ભાવાત્મક સંબંધ તથાકથિત સંબંધોથી અનેકગણા સારા છે અને ગરિમામય તેમજ સાર્થક સિદ્ધ થયા છે. અનેક

*આસપાસમાં અદીઠ કોણ આ અભાન ખૂલે,*
*શું બન્યું કે એક ફૂલની જબાન ખૂલે!*

લોકોએ મને બેન તરીકે સ્વીકારી છે. જેમને મેં ફોટા સિવાય જોયા નથી એવા ભાઈઓને પણ યાદ રાખીને રાખડી મોકલું છું. તેઓ પણ મને એક બેનના રૂપે મેળવીને માન-ઈજ્જત આપે છે. મને ઘરના સદસ્યની જેમ સુખ-દુઃખમાં વ્યવસ્થિત/ નિયમિત રૂપે લખતા રહે છે - મનની અંગત વાતો સુદ્ધા! મારી પાસેથી સલાહ-સૂચન, માર્ગદર્શન પણ માંગે છે. હું પણ એમને ક્યારેય નિરાશ નથી કરતી. મારા વિચારોથી એમની શંકાઓ - સમસ્યાઓ માટે નિરંતર પ્રયત્ન કરૂં છું - રસ્તો સુઝાડું છું. આ પત્રવ્યવહાર મને ધબકતી રાખે છે. સતત આદાન-પ્રદાનથી હું પણ સૌ સાથે માનસિક અંગતતા કેળવી લઉં છું. એ બધા મારા સ્વજનોની હું હંમેશા ઋણી છું કે જેઓ મને આ નીરસ-બોજરૂપ જીવન જીવવા માટે ચેતનવંતો ખોરાક પૂરો પાડે છે. હું હારતી નથી - નિરાશ નથી થતી કારણ કે દૂરદૂરના ખૂણે ફેલાયેલા આ સ્વજનો અનેક રીતે મને જીવવાનું બળ - પુસ્તકોરૂપે, કેસેટ રૂપે, દવા રૂપે, સ્ટેશનરી રૂપે પુરું પાડીને મને કાર્યશીલ રાખે છે.''

ચાના નાના નાના ઘૂંટડા ગળામાં ઉતારતા, સૂતા સૂતા હલકી મુસ્કાન સાથે તેઓ કહે છે, ''દિવસમાં ચાર-પાંચ કપ ચા પીઉં છું. માત્ર એક રોટલી ખાઉં છું. આયુર્વેદિક દવાઓ / હોમિયોપૈથી દવાઓ લઉં છું. મારૂં સઘળું દૈનિક કાર્ય જેમાં બ્રશ કરાવવું, સ્પંજ સ્નાન, શૌચ, જમાડવું, કપડાં બદલવા વગેરે સર્વે કાર્ય મારી મમ્મીજી કરે છે. વર્ષોથી પથારીમાં પડી છું પણ ક્યારેય ચાંદા નથી પડ્યા. પગ પણ સીધા નથી થતા, પડખું પણ નથી ફેરવાતું. પણ મારી મમ્મીજી સતત મારી દેખરેખ રાખે છે.''

મેં પણ અનુભવ્યું કે કાંતાજીના માતાજી ઉમરમાં ભલે સિત્તેર આસપાસના લાગતા હતા, પણ ક્યાંય કોઈ થકાવટ/ઉદાસી કંટાળાના ચહેરા પર ચિહ્ન ન હતા.

કાંતાજી વાતો-વાતોમાં વચ્ચે કહે છે, ''જ્યારે પત્રિકાઓ વાંચું છું, સમાચાર વાંચું/સાંભળું છું તો વારંવાર જોઉં છું કે ક્યાંક કોઈ આત્મહત્યા કરે છે, કોઈ ક્યાંક બળી મરે છે, કોઈ વિષ ઘોળે છે, આ બધી મહિલાઓ સ્વસ્થ તો હોય છે, પણ મનથી કમજોર, જ્યારે હું તો માત્ર હાડકાનું માળખું છું, ક્યાંક મારા પ્રાણ અટક્યા છે બસ, પણ મેં ક્યારેય મનથી હાર નથી માની. ક્યારેય મનમાં મરવાના હીન વિચાર આવવા નથી દીધા. હું તો ભગવાનને એ જ પ્રાર્થના કરૂં છું કે હું આ સ્થિતિમાં પણ કોઈને કામ આવી શકું - ઉપયોગી થઈ શકું.'' બોલતાં બોલતાં એમનો સ્વર ગંભીર થઈ જાય છે. લાગે છે ભીતરના ઊંડાણમાંથી તેઓ બોલી રહ્યા છે. આત્માથી ગૂંજતી આવતી આ સ્વરલહરી, કેટલી સશક્ત અને ઓજસપૂર્ણ છે.

ગામ આખાના ઉચ્ચ કક્ષાના છાત્ર-છાત્રાઓ એમની પાસે આવે છે. એઓ એમને સસ્નેહ સમજાવે છે. એમને અભ્યાસમાં મદદરૂપ બને છે. માર્ગદર્શન આપે છે. ક્યારેય પૈસા નથી લેતા. શક્ય તેટલા સહયોગી બની રહે છે. સમસ્યાઓનું સમાધાન શોધી આપે છે.

મૂળતઃ એ કવયિત્રી છે. પણ ક્યારેક ક્યારેક લેખ પણ લખે છે. એમની હિન્દી રચનાઓ અનેક પત્ર-પત્રિકાઓમાં છપાય છે. જ્યારે કોઈ સાહિત્યનુરાગી મળવા આવે છે ત્યારે એઓ ખૂબ ખુશ થાય છે. અનેક નામી લોકો એમને મળવા આવે છે. સાહિત્ય અકાદમીએ એક કવિગોષ્ઠીનું આયોજન કાંતાજીના ઘરે જૂનગામાં ગોઠવ્યું હતું. એ વખતના ફોટા બતાવતાં એઓ છલોછલ ઉત્સાહથી ઉભરાઈ ઉઠે છે.

કાંતાજીમાં સાહસ-ધૈર્ય-જિજિવિષા અને જીવવાનું ઓજસ વિદ્યમાન છે. એ એક જીવંત મિસાલ છે એ સ્ત્રીઓ માટે, જે જીવનથી હારી જાય છે. કાંતા ક્યારેય હારી નથી. એ પરાજય ક્યારેય નહીં સ્વીકારે. જ્યાં સુધી એમનું મસ્તિષ્ક કાર્યશીલ છે - સંવેદનાઓથી ભરેલું દિલ જીવે છે -

**(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)**

*એક પલ મહીં રચાય નાદની અનેક લહર,*
*સૂર એક લાગતાં જ રાગની પિછાન ખૂલે!*

# હૃદય પરિવર્તન

- ડૉ. શરદ ઠાકર

આરાધક ગાંધી અને એમની પત્ની ધૈર્યા એમના ઘરથી દૂરના વિસ્તારમાં આવેલા એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં પહોંચી ગયા. ભારે હૈયે અને ધીમા પગલે પતિ-પત્ની ડોક્ટરની કેબિનમાં પ્રવેશ્યા. ડૉ. ક્રિસ્ટી જાડા, કાળી ફ્રેમના મોટાં ચશ્માં ધારણ કરીને મોટી રિવોલ્વિંગ ચેરમાં માંડ સમાતા બેઠા હતા.

આરાધક ગાંધી ટેબલની બીજી બાજુએ પડેલી ખુરશીમાં બેસી પડ્યા. ધૈર્યાબહેન હજુ બેસવા જ જતાં હતાં, ત્યાં ડોક્ટરનો ફોન રણક્યો. ઘરેથી હોવો જોઈએ. એમની પત્નીનો.

'બોલ ડાર્લિંગ! શું કામ હતું? ડૉ. ક્રિસ્ટીનો અવાજ મોટો અને ભારે હતો. સામેથી એમની વાઈફ શું બોલતી હશે એ અનુમાનનો વિષય હતો, પણ ડોક્ટરના જવાબ ઉપરથી એ અનુમાન થઈ શકતું હતું.

'જમવાનું? લંચમાંને! અત્યારે આવો સવાલ નહીં પૂછવાનો. હની! હજી હમણાં તો ડબલ એગની ઓમ્લેટ અને બે કપ ચા જમાવીને નીકળ્યો છું. પેટમાં જરા પણ જગ્યા નથી.... હા, પણ જમવું તો પડશે જ ને? બે-અઢી વાગતાં સુધીમાં તો ભૂખ... એમ કર, આજે લંચમાં નોન-વેજ શાક અને બટર પરાઠાં બનાવી નાખજે... ચાલ, ફોન મૂકું છું... પેશન્ટ છે....

માંસાહારી વાનગીઓનો ઉલ્લેખ સાંભળીને સામે બેઠેલાં પતિ-પત્ની કંપી ઊઠ્યા. મનોમન નવકાર મહામંત્રનું રટણ કરવા લાગ્યાં. ત્યાં જ ડૉ. ક્રિસ્ટીનો અવાજ સંભળાયો. પૂછતા હતા, 'બોલો, શા માટે આવવું પડ્યું?

'સાહેબ, તમે ગર્ભપાત કરી આપો છો ને?' આરાધક ગાંધી પૂછી બેઠા.



'અફ કોર્સ યસ.' ડૉ. ક્રિસ્ટીએ કહ્યું, 'કેમ નહીં? ગર્ભપાત કાયદેસર છે. બધા ક્વોલિફાઈડ ગાયનેકોલોજીસ્ટ્સ કરી આપે છે... હું પણ...'

'બસ ત્યારે.... અમે એ માટે જ આવ્યાં છીએ. આ મારી પત્ની છે. એને અઢી મહીનાનો ગર્ભ છે. અમારે એક દીકરી અને એક દીકરો ઓલરેડી છે. આર્થિક રીતે અમારી હાલત નબળી નથી અને એટલી બધી સધ્ધર પણ નથી, પણ આ કાળઝાળ મોંઘવારીમાં અમારે ત્રીજું બાળક....'

'નો પ્રોબ્લેમ. હમણાં જ તમારી મોંઘવારીની સમસ્યા દૂર કરી આપું છું.... એનેસ્થેટિસ્ટને ફોન કરું એટલી જ વાર. બહેન, તમે ભૂખ્યાં જ આવ્યાં છો ને? સવારથી કંઈ ખાધું-પીધું નથી ને?'

'ના સાહેબ! ગઈ કાલે ચૌવિહાર કર્યો હતો. સૂર્યાસ્ત પછી પાણી પણ પીધું નથી. આજે સવારે નવકારશીમાં પણ કંઈ લીધું નથી.' ધૈર્યાબહેને જવાબ આપ્યો.

ડોક્ટર ચોંકી ગયા, 'ચૌવિહાર? એટલે કે... તમે... જૈન છો?' 'હા સાહેબ અમે ચુસ્ત જૈન છીએ.' આરાધકભાઈની આંખોમાં મજબૂરીની વેદના

*એ કહે કે મૌન રાખ, ભીતરે જ ઘૂંટ સકલ,*
*શું કરું હું શ્વાસ શ્વાસ ઉચ્છલંત ગાન ખૂલે!*

ઊપસી આવી.

'અરેરે! જૈન શ્રાવક થઈને તમે ભ્રૂણહત્યા કરાવવા આવ્યાં છો? આઈ એમ સો સૉરી. યે બાત કુછ હજમ નહીં હુઈ.'

'શું કરીએ, સાહેબ! મજબૂરીના માર્યા...'

'શાની મજબૂરી? તમે મોંઘવારીની વાત કરો છો? મારા દાદાજીને આઠ સંતાનો હતાં. એમની માસિક આવક પાંત્રીસ રૂપિયા હતી. તમે તો વેપારી છો. બે કલાક દુકાન વધારે ખુલ્લી રાખજો. અંગત મોજમજા ઉપર કાપ મૂકી દેજો, સિનેમા અને રેસ્ટોરાંના જલસા બંધ કરી દેજો. ત્રીજા સંતાનનો ખર્ચ નીકળી જશે.'

'પણ તમે ડોક્ટર થઈને અમને આવી સલાહ શા માટે આપો છો?'

'હા હું ડોક્ટર છું. હું ક્રિશ્ચિયન છું. હું માંસાહાર પણ કરું છું. તેમ છતાં હું તમને ગર્ભપાત ન કરાવવા માટે આટલું સમજાવી રહ્યો છું, કારણ કે હું ભારતના તમામ ધર્મોને માન આપું છું. જિનશાસનમાં તો સૂક્ષ્માતિ-સૂક્ષ્મ જીવોની પણ હત્યા કરવાની ના પાડવામાં આવી છે. પૃથ્વી ઉપર જન્મતાં તમામ જીવોને જીવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. તમે શ્રાવક થઈને આવી ગર્ભહત્યા કરાવવા આવ્યાં છો એ મને નથી ગમતું. તમે જો જિદ કરશો તો હું તમારું કામ કરી આપીશ, પણ એનું પાપ તમને અચૂક લાગશે એટલું કહી રાખું છું.'

'ડોક્ટરસાહેબ........' અચાનક ધૈર્યાબહેનના રડવાના અવાજથી વાતાવરણ ગાજી ઊઠ્યું, 'હું તો ના જ પાડતી હતી, પણ આ માનતા ન હતા. તમે કહ્યું એટલે હવે....'

આરાધકભાઈ પત્નીને છાની રાખવા માંડ્યા. પછી ખિસ્સામાંથી પાકીટ કાઢીને પુછવા લાગ્યા, 'સાહેબ, તમારો ખૂબ ખૂબ આભાર. અમે ઘરેથી નીકળ્યાં ત્યારથી જ અવઢવમાં તો હતાં જ, પણ તમે અમને મજબૂત બનાવી દીધાં. અમે આ બાળકને હવે જન્મ લેવા દઈશું. મોંઘવારી ગમે એટલી વધે, પણ માતૃત્વ અને પિતૃત્વથી એ ક્યારે આગળ નહીં જઈ શકે. આપની ફી?'

'પચાસ રૂપિયા.' ડૉ. ક્રિસ્ટી હસ્યા, 'ફી તો હું જરૂર લઈશ. ભ્રૂણહત્યાના કામ કરતાં પણ વધારે અઘરૂં કામ મેં કર્યું છે, માટે પચાસ રૂપિયા લેવાનો મને હક્ક છે.'

'હા, અને એ આપવાનો અમારો ધર્મ પણ છે, સાહેબ! બદલામાં હું તમારી પાસે કંઈક માગી શકું?'

'યસ....... ?!?'

'સાહેબ, તમે પણ જીવનમાં અહિંસા ન અપનાવો? માંસાહાર આરોગવાનું બંધ ન કરી શકો, સાહેબ?'

ડૉ. ક્રિસ્ટી થોડી ક્ષણો પૂરતા ચૂપ રહ્યા. જાણે પોતાના મનને સમજાવી રહ્યા! પછી નિશ્ચયાત્મક સૂરમાં બોલી ઊઠ્યા, અલબત્ત, સામે બેઠેલાં પતિ-પત્નીને ઉદ્દેશીને નહીં પણ ઘરે જોડેલા ફોનના સામા છેડે પત્નીને ઉદ્દેશીને.

'ડાર્લિંગ, આજે મારા માટે... આજથી મારા માટે માંસાહારી વાનગી ક્યારેય ન બનાવીશ. કારણ જાણવું છે, એ તને ઘરે આવીને કહીશ. અત્યારે તને નહીં સમજાય. કોઈએ મારું કહેવું માન્યું છે, બદલામાં મારે પણ એનું કહેવું માનવું પડશે. બાય, સી યુ એટ વેજિટેરિયન લંચ.'

(સત્યઘટના, આવશ્યક ફેરફાર સાથે, કથાબીજ : સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પૂ. શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મહારાજસાહેબના શિષ્યરત્નો દ્વારા)

*શ્વાસમાં ય હોય ભાર, પાંખનું ય હોય વજન*
*એક દૃષ્ટિપાતથી જ આગવી ઉડાન ખૂલે!*

# સૌથી કિંમતી અશ્રુ કયું ?

- સૌરભ શાહ



પાંપણ પર અશ્રુનાં તોરણ બંધાયા. એક જમાનામાં હિંદી ફિલ્મના રિવ્યુમાં તમે આવાં વાક્યો લખો તો તમારી વાહ વાહ બોલાતી. વાત રિવ્યુની નથી કરવી, અશ્રુની કરવી છે.

કોઈકને રડાવવાનું કામ સહેલું છે. બેસણા, ઉઠમણા કે પ્રાર્થનાસભામાં ભજનો ગાવા જતાં ગાયક-ગાયિકાઓ 'કાર્યક્રમ' ના અંતે એક એવી રચના પેશ કરે જેમાં મરનારના તમામ નિકટ સ્વજનોનાં નામ ગૂંથી દીધાં હોય અને સદ્‌ગતની ભલાઈ, સારપ, ઉદારતા વગેરે સદ્‌ગુણોની વાત વળ ચઢાવી ચઢાવીને એવા કરુણ સ્વરે ગાવામાં આવે કે પ્રાર્થના સભામાં ભૂલથી જઈ ચડેલા કોઈ અજાણ્યા માણસની આંખમાંથીય આંસું વહેવા માંડે. ટપક, ટપક, ટપક. દેશી નાટક સમાજનાં નાટકો. જૂની (કે પછી નવી) હિંદી ફિલ્મો, પ્રાચીન ગુજરાતી નવલકથાઓ - આ સૌમાં કરુણ રસનું પ્રાધાન્ય રહેતું અને દર્શક, પ્રેક્ષક કે વાચકનો હાથરૂમાલ કે એના ઝભ્ભાની બાંયને ભીની કરવામાં સર્જકને અચૂક સફળતા મળતી.

રુદન કરતાં અનેકગણી અસહ્ય પરિસ્થિતિ અ-રુદનની છે. રુદનનો વિરોધી શબ્દ હાસ્ય નથી, અ-રુદન છે. છાતી પર ભારેખમ પથ્થર મૂકાયો હોય, ગળું ચોક-અપ થઈ ગયું હોય અને મગજ સુમ્મ થઈ ગયું હોય ત્યારે આંખ માત્ર રાતા રંગની બનીને તરબતર થઈ જાય, ખળ ખળ વહેવા ના માંડે, ત્યારે અ-રુદનની પરિસ્થિતિ સર્જાય છે. રડવું છે છતાં રડી શકાતું નથી એટલે અ-રુદન.

રુદનનું દેખીતું જે કારણ હોય છે તે ક્યારેય એનું એક માત્ર કારણ નથી હોતું. કોઈકના મૃત્યુ પ્રસંગે આપણે માત્ર મરનારને જ યાદ કરીને રડતા નથી, એમની સ્મૃતિ સાથે આપણી પોતાની બીજી અનેક વાતો સાંકળીને રડવું આવતું હોય છે, એ વાતો જેની સાથે મરનારને એમની હયાતી દરમિયાન ભાગ્યે જ કશી લેવાદેવા હોય. કોઈ તમને તમાચો મારી જાય ત્યાં ગાલ પર થયેલા એ તીખાશના પ્રહારને કારણે જ તમારી આંખમાં આંસુ આવી જાય છે એવું નથી. એ લપડાકની ગુંજમાં તમને એ વ્યક્તિએ અગાઉ કરેલાં તમારા તમામ અપમાન ક્ષણભરમાં યાદ આવી જાય છે અને પછી તમે રેટ્રોસ્પેક્ટિવ ઈફેક્ટથી રડવાનું શરૂ કરો છો.

આંસુ પર શું સ્ત્રીઓનો જ હક્ક છે? પુરુષોની આંખમાં આંસુ જોઈને તમને શું લાગે? એ જ કે આ માણસ તો પોચટ છે, બાયલો છે? દરેક ઘરમાં નાનપણથી મમ્મી કહેતી હોય છે : છોકરો થઈને રડે છે? મોટા થયા પછી છોકરામાંથી પુરુષ બન્યા પછી, એક વાત એના સબ-કૉન્શ્યસમાં છપાઈ જાય છે કે પુરુષની છબિ સાચવી રાખવી હોય તો એનાથી અન્ય કોઈ વ્યક્તિની હાજરીમાં રડી શકાવાનું નથી. ટીવીની કોઈ ચેનલ પર બાબુલ કી દુઆએ લેતી જા, જા તુઝકો સુખી સંસાર મિલે વાગતું હોય ત્યારે ઘરનાં સ્ત્રી સભ્યો મોકળામને ખળ ખળ આંસુ વહાવી શકે છે, પણ પુરુષ બિચારો સાસરે જતી રહેલી પોતાની બહેન કે જનારી દીકરી (કે પછી ગર્લફ્રેન્ડ)ને યાદ કરીને રડી શકતો નથી. એટલે ચૂપચાપ ઊભો થઈને રસોડામાં જઈ પાણી પી આવતો હોય છે.

*દશ્ય દીસતાં અપાર, શોધી કાઢ,*
*ક્યાં છૂપાયો દેખનાર, શોધી કાઢ!*

ગઝલગાયિકા પીનાઝ મસાણીએ એક વખત કહ્યું હતું કે, 'પુરુષ રડતો હોય એ દૃશ્ય બહુ આકર્ષક લાગે, સુંદર લાગે. પુરુષને રડતાં જૂઓ ત્યારે તમને ખાતરી થાય કે એ પોતાની કોઈ લાગણી તમારાથી છુપાવતો નથી.'

જોકે સાવ નાની ઝીણી વાતોમાં રડી પડતું માણસ કોઈનેય ન ગમે. પછી એ પુરુષ હોય કે સ્ત્રી. વાત કરતી વખતે ગળગળા થઈ જવા કરતાં ખામોશ થઈ જવું વધારે સારું. આંસુને પી ગયો છું, એક રણ તરી ગયો છું - હરીન્દ્ર દવેએ 'મને ખ્યાલ પણ નથી' ગઝલમાં આ પંક્તિઓ લખી હતી.

રડવા માટે કારણો તો અનેક મળી આવે જિંદગીમાં પણ દરેક કારણ વખતે રડી શકાતું નથી. ગમગીનીનો બોજ અસહ્ય બની જાય ત્યારે અતીતની યાદ છાતીમાં ગુંગળામણ પેદા કરે ત્યારે કે પછી કોઈ તમારું એકાંત છિનવી લેતું હોય પણ તમને સહવાસ ન આપી શકતું હોય ત્યારે તમારી અંદર સર્જાતી વરાળ વાદળ બનીને અશ્રુ દ્વારા ટપકવા માગતી હોય છે.

પણ આવા રુદનનું સુખ સૌને નથી મળતું. ચાહવા છતાં રડી શકાતું નથી અને અંદરથી લથબથ હોવા છતાં આંખો કોરીકટ રહી જતી હોય છે.

સૌથી કિંમતી અશ્રુ કયું ? કન્યાને વિદાય આપતી વખતે ઊભરાતી પિતાની આંખમાં જોવા મળતાં આંસું ? કે પછી ચાળીસ વર્ષની એકધારી નોકરી પછી સેવાનિવૃત્ત થઈ રહેલા કર્મચારીની નજરમાં જણાતા ઝળહળિયાં ? કે પછી પતિના મૃત્યુના તેર દિવસ પછી અશ્રુશૂન્ય બની ગયેલી વિધવાની આંખના કોઈ ખૂણે ડોકાઈ જતું આંસુનું એક બિંદુ ? કે પછી રેલવે પ્લેટફોર્મ પર બહારગામની ગાડીમાં તમને મૂકવા આવનાર પ્રિયજનના ચહેરાના છેલ્લા દર્શન વખતે આંખોમાં અચાનક ધસી આવતું ખારું પાણી ? અંગત મત એવો છે કે હરખના આવેશમાં આવતાં આંસુ સૌથી કિંમતી છે. એ હરખ જે તમને વર્ષોથી વિખૂટા પડી ગયેલા સ્વજનને મળતાં થાય છે, એ હરખ જે તમારા આ પુનર્મિલન પછી આવનારા સંભવિત પુનર્વિરહની છુપી વેદનાને સંતાડી દેવાની કોશિશ કરે છે. આવા એક હર્ષાશ્રુના બદલામાં માણસ પોતાના તમામ સંબંધો, બાકીની જિંદગીનાં તમામ વર્ષો અને પોતાના અસ્તિત્વની સમગ્ર ચેતના ન્યોચ્છાવર કરી શકે છે.

---

## કાંતા : જે ક્યારેય હારશે નહીં

**(અનુસંધાન પાના નં. ૧૮ થી ચાલુ)**

તે હાર નહીં સ્વીકારે. તે યથાર્થ અને પીડાના પોતાના અનુભવોને સાહિત્યથી જોડશે. નવો ઉજાસ, નવી રોશની પ્રસરાવશે.

ભાવી પેઢીઓ માટે એ એક અનુપમ હકારાત્મક ઉદાહરણ છે. આ ઉત્સાહી, પ્રસન્નતાભર જીવંત મહિલાએ એ વાતને ખોટી સાબિત કરી છે કે નારી માત્ર આંસુ વહાવવાવાળી એક અબળા છે. એણે સિધ્ધ કરી આપ્યું છે કે આત્મબળ, સંયમ-ધૈર્યથી બધી સ્થિતિઓ પર કાબૂ મેળવી શકાય છે.

કાંતાજી પ્રતિરૂપ છે, એક એવા અવિરત મીઠા સ્રોતનું જે નિરંતર સ્નેહ, બંધુતા, માનવતા, ઉષ્માનું ભાવજલ વહાવ્યા કરે છે - વ્હાવ્યા કરશે.

વલોણું :

''उत्तमः क्लेशविक्षोभं क्षमः सोढुं न हीतरः।
मणिरेव महाशाणघर्षणं न तु मृत्कणः ।।

એટલે કે ઉત્તમ માણસ જ દુઃખનો આઘાત સહન કરી શકે છે, બીજો નહિ. મણિ જ મોટી સરાણનો ઘસારો સહન કરી શકે છે, નહિ કે માટીનું ઢેફું.

*સૂક્ષ્મમાં ય સૂક્ષ્મ ભાર, શોધી કાઢ,*
*સૂક્ષ્મતર હશે ઉગાર, શોધી કાઢ!*
*- રાજેન્દ્ર શુક્લ*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## અચલગચ્છાધિપતિશ્રીનો ૮૫મો જન્મોત્સવ પર્વ ઉજવાયો



અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.નો ૮૫મો જન્મોત્સવપર્વ પાલીતાણા તીર્થે સંઘમાતા જયાબેન વિશનજી મારૂ વિવિધલક્ષી અચલગચ્છ જૈન સંકુલ ગુણોદયપુરમ્ મધ્યે ધાર્મિક આરાધનાંઓ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે ભારરભરમાંથી વિશાળ સંખ્યામાં ગુરૂભક્તો પાલીતાણા તીર્થે પહોંચ્યા હતા અને પોતાનાં ગુરૂનાં જન્મોત્સવની ઉજવણીમાં જોડાયા હતા.

શુભ પ્રભાતે બેન્ડપાર્ટી, બગીઓ સાથે સકલશ્રી સંઘે શત્રુંજય મહાતીર્થ જયતળેટીએ પહોંચી દર્શન, ચૈત્યવંદન કર્યા હતા. ત્યારબાદ ગુણોદયપુરમ આંગણે પૂજ્યશ્રીનાં જન્મોત્સવ કાર્યક્રમોનો નવકારમંત્ર, પ્રાર્થના સાથે પ્રારંભ થયો હતો. સંગીતની રમઝટ સોમીલભાઈ એન્ડ પાર્ટીએ જમાવી હતી.

પૂ. સહજાનંદ સ્વામિ, માંડવી-મુન્દ્રા વિસ્તારનાં ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘનાં અધ્યક્ષ શ્રી શામજીભાઈ દંડ, વિશનજીભાઈ મારૂ, મહેન્દ્રભાઈ પાસડ, ટોકરશીંભાઈ, વિક્રમ લાલકા, ચિંતન વોરા, શાંતિભાઈ તથા ટ્રસ્ટીગણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ. સિદ્ધાચલમ્ જયાબેન વિશનજી મારૂ જૈન ગુણોદય ફાઉન્ડેશન, ચાતુર્માસના સંઘપતિ પરિવારો તથા ચાતુર્માસ સમિતિ દ્વારા સર્વેનું સ્વાગત કરાયું હતું.

પૂજ્યશ્રીના ગુરૂપૂજનનાં ચડાવાનો લાભ સાકરબાઈ શામજી રવજી હરિયા નરેડી મુલુન્ડ હસ્તે સતીષભાઈ પરિવારે લીધો હતો. ૮૫ દિવડાઓ પ્રગટાવી પૂજ્યશ્રીને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

અચલગચ્છાધિપતિશ્રીને ચાતુર્માસ માટે મુલુંડ ઈસ્ટ, માટુંગા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, વડાલા અચલગચ્છ જૈન સંઘ દેવલાલી, ડોમ્બીવલી, થાણા તથા અન્ય સંઘોએ વિનંતી કરેલ.

પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.એ પૂજ્યશ્રીનાં ૫૦માં વર્ષિતપની અનુમોદના કરતાં જિનશાસનનો મહિમા અને ગુરૂભક્તિનાં અવસરને વર્ણવ્યો હતો.

પૂ. મુનિરાશ્રી પ્રિરંકરસાગરજી મ.સા. એ ગુરૂભક્તિનાં અનેરા અવસરને અને પૂજ્યશ્રીનાં ૮૫માં જન્મોત્સવનું મહત્વ સમજાવતાં પૂજ્યશ્રીની ૮૫ વર્ષની ઉંમરે પણ તપારાધનાં નાં મહિમાને અનેરી ગણાવી હતી. નવનિર્મિત શ્રી ગુણોદયપુરમ્ વિશે વિશેષ સમજ પુરી પાડી હતી. નવ્વાણું યાત્રા અને ગુણોદયપુરમ્ માટે દાતાશ્રીઓ મન મુકીને વરસ્યા હતા. ''ગુણોદયપૂરમ'' નાં નિર્મા કાર્ય માટે શ્રેષ્ઠીઓનાં અનુદાનની અનુમોદના કરી વિશેષ પ્રમાણમાં થઈ રહેલ તપારાધનાંઓ અને તેમાં જોડાયેલા તપારાધકોનાં તપની અનુમોદના કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રકાંત દેઢીયાએ કરેલ.

## કોઈમ્બતુરમાં પર્યુષણ આરાધના

કોઈમ્બતુરમાં આ વર્ષે પર્યુષણ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના નૂતન જિનાલયમાં ઉજવાયા. આરાધનાર્થે શ્રી કેવલભાઈ સાવલા, કચ્છ ભૂજથી અને શ્રી પ્રવિણભાઈ સાવલા પણ મુંબઈ થી પધારેલ. દરરોજ સવારે પક્ષાલ, પૂજા, સ્નાત્રપૂજા, ભક્તામર સ્તોત્ર ત્યારબાદ વ્યાખ્યાન તેમજ દરરોજના બપોરે અનુષ્ઠાનો ૧) મંગલમય વાસુપૂજ્ય પરવાઆ ૨) ૪૫ આગમ પૂજન ૩) શ્રી યંત્ર મહાલક્ષ્મી અનુષ્ઠાન વગેરે, સાંજે પ્રતિક્રમણ બાદ પ્રભુ ભક્તિ ભાવનામાં શ્રી દીલીપ ભાઈ નાગદા - મધ્ય પ્રદેશથી પધારેલ.

પર્વ દરમ્યાન વિવિધ ઉછામણીનો લાભ સંઘના દરેક પરિવારે ખૂબજ હોશેં થી લીધેલ. શ્રી કલ્પસૂત્ર ઘેર પધરાવવાનો લાભ તેમજ વહોરવવાનો લાભ - શ્રીમતી જીનલ હેમાંગ ખોના પરિવારે ૧૧૧૧૧ મણમાં લીધેલ. પ્રભુજીને પારણામાં પધરાવવાનો લાભ - માતુશ્રી લીલીવંતીબેન નવિનચંદ્ર લોડાયા પરિવારે ૧૫,૫૫૫ મણમાં લીધેલ. શ્રી પ્રભુજીનું પારણું ઘેર પધરાવવાનો લાભ - માતુશ્રી ભારતીબેન પ્રવિણભાઈ મોમાયા પરિવારે ૪૧૦૦૪ મણમાં લીધેલ. શ્રી બારસાસૂત્ર અર્પણ કરવાનો તથા શ્રી સંઘને ચિત્ર દર્શન કરાવવાનો લાભ શ્રીમતી કલ્પનાબેન કીર્તિ મોમાયા પરિવારે રૂા. ૭૭૭૭માં લીધેલ. શ્રી તપસ્વીઓ તેમજ સકળ સંઘને સવારના પારણ - નવકારશી કરાવવાનો લાભ - માતુશ્રી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા, માતુશ્રી ધનલક્ષ્મીબેન દિનેશ લોડાયા અને માતુશ્રી ઉષાબેન નલિન દંડ (પુરના) પરિવારે લીધેલ.

બારસા સૂત્ર વાંચન બાદ સકળ સંઘ સાથે સ્થાનિક જિનાલયમાં ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવેલ.

સ્વપ્નનું કુલ ઘૃત મણ ૩,૧૩,૩૦૨ થયેલ. હરવર્ષની જેમ આ વર્ષે પણ મહાજન દ્વારા પર્યુષણ મહાપર્વ દરમ્યાન

દરરોજ સ્વામી વાત્સલ્યની વ્યવસ્થા રાખવામાં આવેલ.

## સાંધવ ગામે આરાધના

સાંધવ ગામે પ.પૂ. સાધ્વી શ્રીજી પૂર્ણગુણાશ્રીજી મ.સા. અને જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણની આરાધના થયેલ, કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનું ધૂર્તમણ ૧૦૦૦૧ મણ વિજયસિંહ લાલજી ખોના, નલિયા-મુલુંડ અને માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ સાંધવ, વાપી. પ.પૂ. મ.સા.ને કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ સાંધવ ૪૫૧૬ મણ.

બારસાસૂત્ર વહોરાવવાનું લાભ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર ૧૨૧૧૨ મણ

ગંભારો ખોલવાનો લાભ પ્રિયાંશી, પ્રિષા, જયેશ માણેકજી લોડાયા સાંધવ, મુલુંડ

પ્રભુજીનું પારણું ઝુલાવવાનું લાભ : ડિમ્પલ સમીર શામજી દંડ સાંધવ, મુલુંડ

પારણું ઘરે પધરાવવાનું લાભ : શ્રી ઠાકરશી લાલજી પટેલ સાંધવ અને ઝવેરચંદ મેઘજી કુંવરજી ખોના સાંધવ અને શ્રી કાંતીચંદ ગોવિંદજી ખોના, સાંધવ - ઘાટકોપર ૫૫૫૫૫ મણ, સ્વપ્નાનું ધૂર્તમણ - ૨૦૦૦૭૧૧, ટોટલ ધૂર્તમણ - ૨૧૫૮૯૪૦

## બણરામાં પર્યુષણ આરાધના

બણરામાં વાંચન માટે મુંબઈ આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી સૌ. હેમલતાબેન મણીલાલ ગડા - મીરારોડ તેમજ સૌ. જ્યોતીબેન જયેશ શાહ - કાંદીવલી એ આવેલા.

શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો લાભ ૪૫૦ મણમાં શા. નરશી કાનજી દંડ પરિવાર તેમજ શ્રી પ્રભુજીનો પારણું પધરાવવાનો લાભ માતુશ્રી હીરાવંતીબાઈ પ્રેમજી લોડાયા પરિવાર ૫૧ મણમાં લીધેલ. કલ્પસૂત્ર વહોરાવવાનો શા. પદમશી ઘેલાભાઈ મોતા પરિવારએ લીધેલ.

સ્વપનાનો ઘૃત ૨૮૫૮૩ તેમ કુલ ૩૫૦૫૬ મણ થયેલ. છઠ્ઠના ''સામુહિક ક્ષમાપના'' બાદ સ્વામી વાત્સલ્ય સંઘ જમણ સંઘ તરફથી થયેલ.

## તીરૂપુરમાં પર્યુષણ ઉજવાયા

શ્રી શ્વેતાંબર જૈન મંદિર તીરૂપુરમાંઅંત્રે પ.પૂ. મુનિ ભગવંત શ્રી ધર્મપ્રભસાગરશ્રીજી આદિઠાણા ૩ની નિશ્રામાં પર્યુષણ અને ઉલ્હાસપૂર્વક ઉજવાયા છે. ''જીરાવલા તપ'' માં ''૫૨'' તપસ્વીઓ જોડાયા. પારણાના દિવસે નવકારસી શ્રી સંઘ તરફથી તપસ્વીઓ ને કરાવવામાં આવતી.

કલ્પસૂત્ર પધરાવવાના ભાગ્યશાળી ૧૭૦૦૧ મણમાં શ્રી શદુરા એક્સપોર્ટ વાળાએ લાભ લીધો. કલ્પસૂત્ર વહોરવવાનાં ભાગ્યશાળી ૬૦૦૧, મણમાં શ્રી હંસરાજ વેરશી નાગડા પરિવારે લાભ લીધો. પારણું પધરાવવાનો લાભ ૭૭,૭૭૭ મણમાં શ્રી શદુરા એક્સપોર્ટ વાળાએ લાભ લીધો.

સ્વપ્નાનો નકરો ૫૦૦ દીઠ ૧૦૦ જણાએ લાભ લીધેલ.

ચૈત્ય પરિપાટી શ્રી સુવિધિનાથ જીનમંદિર થી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના મંદિરે શ્રી સાધુભગવંતો તથા સકળ સંઘ વાજતે ગાજતે રથયાત્રા સહિત પગપાળા ગયેલ.

સંપર્કઃ રતિલાલ વેરશી નાગડા - 9894048485, પ્રતાપ નાગડા - 9442243294 / 9486112490

## શ્રી મોટી સિંધોડી પ્રગતિ મહિલા મંડળ

શ્રી મોટી સિંધોડી પ્રગતિ મહિલા મંડળ આયોજિત ગેમ શો, રંગોળી સ્પર્ધા, ગરબા દાંડીયાનું આયોજન કરેલ છે. રંગોળી સ્પર્ધામાં જેને ભાગ લેવો હોય તેમણે તા. ૧૦-૧૦-૨૦૧૬ સુધીમાં જણાવી દેવું.

આ વરસનો છેલ્લો પ્રોગામ છે જે તા. ૨૩-૧૦-૨૦૧૬ ભાંડુપ કુકરેજા કોમ્પલેક્ષમાં રાખેલ છે. સંપર્ક : અનીતાબેન લોડાયા - 09820113121, નીરુપમાબેન મોતા - 09820902916

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

પર્યુષણ પર્વ મનાવવા મુંબઈથી રાજાભાઈ નંદુ તથા કલ્પેશભાઈ સાવલા પધારેલ. સ્વપનાની બોલી ડ્રો કરેલ પારણું મહિલા મંડળે પધારાવેલ. ૧૦૮ પારસનાથ પૂજન કરાવેલ ૐ નમો નાણસ્ય પૂજન કરાવેલ.

તપસ્યા ૯ ઉપવાસ ડિમ્પલ લાલકા, પ્રતીક શાહ, વિરેન ધુલ્લાએ કરેલ.

રવિવાર, તા. ૧૧-૯-૨૦૧૬ના સંઘ જમણનું આયોજન કરવામાં આવેલ તેજ દિવસે રતનબેન હરખબાઈ તરફથી ચૈત્ર પરિપાટી કરવામાં આવેલ.

પારણું ગુલાબભાઈ ખોનાએ ઘરે પધરાવેલ. તેમણે સાધર્મિક ભક્તિ કરેલ. વર્ષાબેન વિરેશભાઈની સિલ્વર જુબલી નિમિતે સિધ્ધચક્રનું પૂજન ગુણવંતીબેન લક્ષ્મીચંદ તરફથી રાખવામાં આવેલ. આખો દિવસ તેમના તરફથી સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ.

ભેટ આપવામાં આવેલ ગુણવંતીબેન લુઠિયા - રૂા. ૨૫૦૦/-, ગુલાબભાઈ ખોના - રૂા. ૨૫૦૦/-, રતનબેન હરખભાઈ - રૂા. ૧૧૦૦/-, સુશીલાબેન લાલકા - રૂા. ૧૦૦૦/-, વીરેનભાઈ ધુલ્લા - રૂા. ૨૫૧/-, બીનાબેન હરેશભાઈ - રૂા. ૨૦૦/-, ધનલક્ષ્મીબેન ધુલ્લા - રૂા. ૧૫૧/-, જેવતીબેન શાહ - રૂા. ૧૦૦.

તા. ૧૩-૯-૨૦૧૬ ના રતનબેન શાહ તરફથી શિવસાગર હોટલમાં કોફીમીટ રાખવામાં આવેલ.

ગેમ્સમાં ૧) નયનાબેન ૨) ઉષાબેન મંજરી, કેતના ૨) ભારતી લાલકા ૩) રીટા બેન, મીનાબેન પ્રાઈઝ મળેલ.

તા. ૨૦-૯-૨૦૧૬ના રીટાબેન શાહના ઘરે જાપ રાખવામાં આવેલ. મંડળને સાધર્મિક ભક્તિ કરાવી મંડળને ૧૦૧ રૂા. ભેટ મળેલ છે. ગુજરાતી મહિલા મંડળમાં દહીવડાના હરિફાઈમાં પ્રભા ધુલ્લાને પ્રથમ પ્રાઈઝ મળેલ છે.

### મોટી સિંધોડી - પર્યુષણ આરાધના

મોટી સિંધોડી ૨૫ આરાધકોના સંગાથે પર્યુષણ પર્વની સુંદર આરાધના થઈ. આરાધના કરાવવા બે બહેનો વિદ્યાપીઠ તરફથી પધારેલ. સ્વપ્નોનો કુલ ઘૃત મણ ૪૧૧૮૧ થયો. પોથી પધરાવવાનો લાભ ૨૫૧ મણમાં માતુશ્રી કુંવરબાઈ રતનશી આણંદજી મૈશેરી પરિવારે લીધો. પારણું પધરાવવાનો લાભ ૧૬૦૧ મણમાં અ.સૌ. મધુરીબેન કાંતિલાલ મોતા પરિવારે લીધેલ. પર્યુષણ દરમ્યાન સંપૂર્ણ સાધર્મિક ભક્તિનો લાભ અ.સૌ. અનિતાબેન ભરતભાઈ લોડાયા પરિવારે લીધેલ.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ - મોટી સિંધોડી - ચૈત્ય પરીપાટી

સંસ્થાના ઉપક્રમે અને જય-પ્રિત ટુર-ટ્રાવેલ્સના સથવારે, પન્હાલા તીર્થ - કોલ્હાપુર, કુંભોજગીરી - મિરજ - શિરોલી - કલશ મંદિર - સાંગલી વગેરે તીર્થોની ચૈત્ય પરીપાટીનું આયોજન કરવામાં આવેલ. ૩૦ યાત્રિકો જોડાયેલ.

સમગ્ર ચૈત્ય પરીપાટીનાં સંઘમાતા બનવાનો લાભ અ.સૌ. કલ્પનાબેન શૈલેશભાઈ લોડાયા (સાયન-મુંબઈ) પરિવારે લીધો.

સાંગલી તીર્થે પ.પૂ. સાધ્વીજી સંયમગુણાશ્રીજી મ.સા. આદીઠાણા તથા ગામના પ્રથમ અને એકમેવ એવા બાળ સાધ્વી પ.પૂ. મલ્લીગુણાશ્રીજી મ.સા.ના દર્શન-વંદન તથા વાણીનો અનેરો લાભ મળ્યો.

ચૈત્ય પરીપાટીના આયોજનમાં હૈદરાબાદના શ્રી કાંતીલાલભાઈ નાગડા, કોલ્હાપુરના કિરણભાઈ મૈશેરી, સાંગલીમાં શ્રી નવિનભાઈ છેડા, શ્રી મણીલાલભાઈ મોતા તેમજ શ્રી ઉત્તમભાઈ ખોના આદી જ્ઞાતિ આગેવાનોને સહયોગ મળો હતો.

### વડોદરા સંઘમાં પર્યુષણ

શ્રી વડોદરા સંઘમાં પર્યુષણ રૂડી રીતે ઉજવાયા. આર્ય રક્ષિત વિદ્યાપીઠ થી બે બેનો આવેલ. શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંડળ દર વખત ની જેમ આ વર્ષ પણ જ્ઞાન ગમ્મત પેપર, અંતાક્ષરી, સાંથીયા, આરતી વિગેરે ની વિવિધ હરીફાઈઓ રાખેલ.

બાળકો માટે ગમ્મતવાળી હરિફાઈઓ રાખેલ જેમા બધા નાના મોટા સૌએ સારી સંખ્યામાં ભાગ લીધેલ.

### માનવસેવા - જીવદયા વિષે વક્તવ્ય

તલવાણા - કચ્છ મધ્યે પ. પૂ. સાધ્વીશ્રી વિશ્વોદયશ્રીજી મ.સા. ની શુભપાવન નિશ્રામાં માનવજ્યોત સંસ્થા ભુજનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રાવક - શ્રાવિકાઓને માનવસેવા - જીવદયા અને પર્યાવરણ વિષે પ્રાસંગિક વક્તવ્ય આપી સમજ પૂરી પાડી હતી.

### મુલુન્ડમાં મહાકાલી ભાવના

શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૨/૧૧/૨૦૧૬ ના રવિવારના રાતે ૮.૩૦ કલાકે શ્રી વાસુ પુજ્ય જિનાલયે રાખેલ છે. જેના સંયુક્ત લાભ માતુશ્રી દમયંતિબેન હંશરાજ દેવશી પરિવાર - સાંધવવાળાએ અને કુમારી મોનીકા ગીરીશ નાગડા - નલીયાના ૧૬ ઉપવાસ નીમીત્તે સાથે રાખેલ છે.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**પાર્થ (દિવ્યા) સંદિપ મોતા**
**સુથરી - અમદાવાદ**
Passed 1 Year (2 Semi)
Civil Engineering
SPI - **8.23**, CPI - **7.87**



**કેવલ (દિવ્યા) સંદિપ મોતા**
**સુથરી - અમદાવાદ**
M.Sc. IT IMS
CGPA માં **7.21**



**મોનિકા શિરીષ જૈન (શિયાડ)**
**ચાલીસગામ - ડોંબિવલી**
M.Com, B & F Pass



**પ્રિતેશ (રીના) રીતેશ શાહ**
**સુજાપર (કચ્છ)**
S.S.C. (CGPA) **8.4**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અરૂણ હીરજી શાહ (લોડાયા)**<br>(PS 4177) | ૨૦૩, પી એન્ડ પી પ્લાઝા, પ્લૉટ ૩૧૪, વૉર્ડ ૧૨/બી, બેંક સર્કલ પાસે,<br>ગાંધીધામ - ૩૭૦ ૨૦૧. મો.: ૯૯૦૯૧ ૨૧૩૯૮ / ૦૨૮૩૬ ૨૩૭૪૪૫ |
| **જીતેન્દ્ર પુનશી ધરમશી**<br>(PS 4683) | ૨૦૨ વેલમણી રેસીડેન્સી, ૯એ વૃંદાવન પાર્ક સોસાયટી, ન્યુ સામા રોડ,<br>વડોદરા - ૩૯૦ ૦૦૮. મો.: ૯૯૨૪૧ ૦૬૪૯૦ |
| **રાજેશ વિશનજી લાપસીયા**<br>(PS 2075) | બી-૮૦૨, સ્કાયલાઈન સ્પાર્કલ, રોડેક્સ હીરો બાઈક પાસે, વિલેજ રોડ, નાહુર,<br>ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. |
| **જીતેન્દ્ર ઝવેરચંદ ધુલ્લા**<br>(PS 1991) | વસંત ઑસ્કર, પિનાકલ ડી-૩૦૧, સાગર ગાર્ડન સામે, એલબીએસ માર્ગ,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૯૨૦૦ ૬૨૯૭૯ |
| **મિતેન જીતેન્દ્ર મૈશેરી**<br>(PS 7282) | એ/૧૧, બીજે માળે, ચેતન એપાર્ટમેન્ટ, સાને ગુરૂજી નગર, ૯૦ ફીટ રોડ,<br>મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ૯૮૩૩૭ ૬૪૨૩૪ |
| **મધુકર લક્ષ્મીચંદ નાગડા**<br>(PS 2536) | ૨૦૩, ચૈતન્ય એવેન્યુ, તીન પેટ્રોલ પમ્પની સામે, એલબીએસ માર્ગ,<br>થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૨. મો.: ૯૮૧૯૧ ૯૮૦૬૩, ૯૩૨૪૩ ૩૬૦૧૦, ૨૫૪૦ ૫૨૯૯ |
| **ગુલાબચંદ અરજણ મોતા**<br>(PS 2649) | સી/૧૦૦૨, લોટસ બીલ્ડીંગ, એ એન્ડ ડી કોમ્પલેક્સ, અગાસન ફાટક પાસે,<br>અગાસન-દીવા, થાણે - ૪૦૦ ૬૧૨. મો.: ૯૬૧૯૧ ૪૦૨૪૨ |
| **ધનજી દેવશી ધરમશી**<br>(PS 3912) | એસ-૮/ડી-૧, ન્યુ અલકનંદા સોસાયટી, એમ. જી. કોમ્પલેક્સ, સેક્ટર ૧૪,<br>વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૩. ફોન: ૦૨૨-૨૭૮૮ ૧૬૦૭ |
| **તુષાર ભરત લોડાયા**<br>(PS 6424) | ૩૦૩, વાલ્મીકી કોહાસો લી., અપૂર્વ નર્સિંગ હોમ બીલ્ડીંગ, ગોગ્રાસવાડી,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૮૦૮૦૧ ૩૧૬૧૧ |
| **કલ્પેશ ખુશાલચંદ શાહ** (ધરમશી)<br>(PS 7283) | ડી ૭૦૩, લારકિન્સ નગર, રાજુ નગર, રઘાઈ માતા મંદિર પાસે,<br>ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૮-૧૬ | ઘાટકોપર | સમર્થ, ભાવિની વૈભવ મૈશેરી | નાની સિંધોડી | પુત્ર |
| ૦૫-૦૯-૧૬ | સોલાપુર | રીત, માનસી અંકિત ધરમશી | સાંધણ | પુત્રી |
| ૧૨-૦૯-૧૬ | ડોમ્બીવલી | જિષ્ણવે, મનીષા પરાગ શ્રેણિક ગોશર | બારોઈ | પુત્ર |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૯-૧૬ | સાંગલી | જતિન મહેન્દ્ર ગડા (કવિઓ) | શેરડી-કચ્છ | ૩૧ |
| | હૈદ્રાબાદ | જીનલ જીતેન્દ્ર સોમચંદ લોડાયા | નલિયા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૯-૧૬ | ગદગ | ઉપેન્દ્ર કલ્યાણજી ધરમશી | નલિયા | ૬૮ |
| ૧૮-૦૯-૧૬ | - | જયવંતીબેન શાંતીલાલ ધુલ્લા | તેરા | ૭૭ |
| ૨૦-૦૯-૧૬ | અમદાવાદ | પદમસી રતનસી હિરજી ગોશર | બાયઠ | ૮૦ |
| ૨૨-૦૯-૧૬ | હુબલી | ગૌતમ રમેશ લાલજી દેશાઈ (લાપસીયા) | સાંયરા | ૩૩ |
| ૨૨-૦૯-૧૬ | અંધેરી | વિજયાબેન ખેતશી ખોના | નલિયા | ૭૨ |

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

# દ્વિતીય વર્ષ સ્મરણાંજલી

જન્મ
૨૬-૧૨-૧૯૫૩



દેહવિલય
૧-૧૦-૨૦૧૪

## સ્વ. શ્રી મણીકાંત મેઘજી મોમાયા

ગામઃ વરાડીયા - હૈદરાબાદ

યાદ તો તેમને કરીએ, જેમને આપણે કદી ભૂલી જઇએ
તમારી યાદ તો સદાય નિરંતર અમારા સૌની સાથે ને સાથે છે,
હરપળ, હરઘડી તમને સમરંતા, તમારા વિનાનું જીવન વિતાવીયે,
પ્રત્યક્ષ કહો કે પરોક્ષ, આપ હંમેશા અમ સાથે છો,
એમ માની મનમાં હિમ્મત બાંધીયે
આપ તો હતા સદાય પરોપકારી, બીજાના દુઃખમાં સહાયભૂત થનારા,
દાનવીર, બીજાને મદદ કરવા તત્પર, કેમ કરી ભુલીશું
યાદ તો તેમને કરીએ જેમને આપણે કદી ભૂલી જઇએ...

સહસ્નેહ વંદન

**લી. લતા મણીકાંત મેઘજી મોમાયા પરિવાર**, હૈદરાબાદ

Gaurav
CATERERS
Where quality counts...

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (26-9-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Monday / Tuesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## મિત્રાંજલિ

દોસ્ત કે...
સો સો
સલામ



**શ્રી ચંપક રાયચંદ જીવાણી**
જખૌ- ડોંબિવલી

અરિહંત શરણ :
૩૦-૯-૨૦૧૩

હતા તમે મિત્રતાનો આદર્શ....
તમારી અનુપસ્થિતિનો ખાલીપો,
ક્યારેય નહીં ભરાવવાનો....
ભલે આપતા રહીએ મિત્રાંજલિ વર્ષોવર્ષ....

**શ્રદ્ધાસુમન**

નીતીન રાયચંદ સાયલા - સુથરી
નરેન્દ્ર જેતસી શિયાલ - દલતુંગી
રાયચંદ દેવશી જીવાણી - જખૌ
મહેન્દ્ર મેઘજી મોતા - વારાપદ્ધર
રતીલાલ શામજી મોમાયા - વરાડીયા
રમેશ હીરજી લોડાયા - સુથરી
મુકેશ ભવાનજી લોડાયા - મો. સિંધોડી
નવીન વિશનજી મૈશેરી - જખૌ
ચંદ્રસેન હિરાચંદ મોમાયા - વરાડીયા

## ૯મી પુણ્યતિથીએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૨.૪.૧૯૮૭

અરિહંત શરણ :
તા. ૩૦.૯.૨૦૦૭

**સ્વ. પ્રતિક જવેરચંદ મુલજી તેજપાર પટેલ**
(ડોંબીવલી - બાંઢીયા)

તારી વિદાયને આજે **નવ** વર્ષ વિતી ગયા.....
થતો નથી અમારા હૃદયને વિશ્વાસ,
કે તુ નથી આજે અમારી પાસ,
હરદિન હરપળ એજ રહેતી ભાવના,
એજ પ્રેમાળ હાથની હરઘડી ચાહના,
ઘરના દરેક ખુણે તારી સુવાસ છે,
દિલની દરેક ધડકનમાં તારો જ શ્વાસ છે,
પ્રભુ તારા દિવ્ય આત્માને શાશ્વત સુખ અને
પરમ ચિર શાંતિ આપે એજ પ્રાર્થના....

**સ્નેહભરી યાદોમાં સદાય વ્યાકુળ**

માતા-પિતા : અ.સૌ. અમીતા જવેરચંદ મુલજી પટેલ
ભાઈ-ભાભી : અ.સૌ. મોહિતા જતીન જવેરચંદ પટેલ
ભત્રીજા : રીતીક અને નીલ જતીન પટેલ

PATEL OPTIK

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,